# ભારતમાં વૈશ્વિકીકરણ

## પ્રભાવ અને વિકલ્પો

(ક) વૈશ્વિકીકરણના સમયગાળામાં અર્થતંત્ર-સમાજ અને પર્યાવરણ: કેટલીક હકીકતો

(ખ) પર્યાવરણીય પ્રભાવ

(ગ) વિકલ્પોની શોધમાં: ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહી

# (ક) વૈશ્વિકીકરણના સમયગાળામાં અર્થતંત્ર, સમાજ અને પર્યાવરણ: કેટલીક હકીકતો

## અર્થતંત્રની સ્થિતિ

ભારતીય અર્થતંત્રના ઇતિહાસમાં સૌથી વધુ પ્રભાવક વૃદ્ધિદર ૨૦03-0૮ દરમિયાન રહ્યો છે, જે ૮-૯ ટકાના સરેરાશ વાર્ષિક દરે રહ્યો. તે પણ પશ્ચિમની ૨00૭-0૮ની નાણાકીય મંદીની શરૂઆતની પ્રતિકૂળ અસરથી પ્રભાવિત હોવા છતાં. ૨00૮-૧૨ દરમિયાન ભારતની રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર ૬.૭ થી ૮.૪ ટકાની વચ્ચે અસ્થિર રહ્યો. ૨૦૧૨ની યુરોઝોનની મંદી પછી ભારતીય અર્થતંત્રમાં કૃષિક્ષેત્ર અને ઉત્પાદન ક્ષેત્રની કેટલીક ધીમી વૃદ્ધિના કારણે વૃદ્ધિદર સતત નીચલા સ્તરે ઉતરી ગયો. ૨૦૧૧-૧૨ના અંત ભાગમાં તે ઘટી ૫.3 ટકા થઈ ગયો, જે નવ વર્ષમાં સૌથી નીચો હતો. ઉત્પાદન ક્ષેત્રનો વૃદ્ધિદર વર્ષના અંત ભાગમાં (૩૧ માર્ચ ૨૦૧૨) 0.3 ટકા થયો હતો જે ૨૦૧૦-૧૧માં ૭.૩ ટકા હતો. કૃષિ ઉત્પાદનમાં આ જ તરાહ જોવા મળેલ. વર્ષના ચોથા તબક્કામાં કૃષિક્ષેત્રનો ઉત્પાદનનો વધારો ૧.૭ ટકા હતો જે ૨૦૧૦-૧૧ના ચોથા તબક્કામાં ૭.૫ ટકા હતો. આમ, સમસ્યાઓમાં ફસાયેલ વૈશ્વિક અર્થતંત્ર સાથેના ઘનિષ્ઠ જોડાણના કારણે ભારતનું ભવિષ્ય અનિશ્ચિત અને ઊંચી સાપેક્ષતાવાળું જણાય છે.

- ૧૯૯૧થી ઔદ્યોગિક ઉત્પાદન ત્રણ ગણું થયું હતુ, જયારે વીજળીનું ઉત્પાદન બે ગણાથી પણ વધુ વધ્યું. આંતર-માળખાકીય સુવિધાઓની વૃદ્ધિ પણ અસરકારક રહી, જેમાં રસ્તા,વાહનવ્યવહાર અને સંદેશવ્યવહારની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો.
- ૨00૯માં ભારતમાં ૨૭00થી વધુ બહુરાષ્ટ્રીય પેઢીઓ કામ કરી રહી હતી.
- દિવસે દિવસે વધુને વધુ બાહ્ય પરિબળો પર આધારિત બની રહેલી અર્થવ્યવસ્થામાં દેશના વિદેશી દેવાને વિદેશી અનામતો સાથે જોડીને જોવું જરૂરી છે. વિદેશી દેવું વિદેશી અનામતો સાથે સતત વધી રહ્યું છે. બાહ્ય દેવું ૧૯૯૧માં ૮3 અરબ ડોલરથી વધીને ૨00૮માં ૨૨૪ અરબ ડોલર થયું, જે રાષ્ટ્રીય આવકના ૨0 ટકા હતું અને વર્તમાન સમયમાં તે વધુ તીવ્રતાથી વધી રહ્યું છે. માર્ચ ૨૦૧૧થી માર્ચ ૨૦૧૨ સુધીમાં તે 30૬ અરબ ડોલરથી વધીને ૩૪૫ અરબ ડોલર રહ્યું છે. વિદેશી વિનિમય અનામતો સાથે જો તેને સરખાવીએ તો ૧૯૯૧માં વિદેશી દેવું લગભગ શૂન્ય હતું, જે ૨૦૧૨માં વધીને ૨૮૭ અરબ ડોલર થયું. વર્તમાન સમયમાં ભારતમાંથી મૂડીના બાહ્યગમનના કારણે તેમાં ઘટાડો થયો છે. જુલાઈ ૨૦૧૧માં વિદેશી દેવું ૩૧૪ અરબ ડોલરમાંથી ઝડપથી ઘટીને એક વર્ષના અંત સુધીમાં ૨૮૭ અરબ ડોલર થયું.
- ભારતની વ્યાપારી ખાધ ૧૯૯0થી ઝડપથી વધી રહી છે. (વસ્તુઓની આયાતો અને નિકાસો વચ્ચેનો તફાવત), જો કે સેવાઓના વ્યાપારમાં વધારો થયો છે. પરંતુ આ તફાવત દેશના વિદેશી ખાતાની ખરાબ સ્થિતિ દર્શાવે છે. ચાલુ ખાતાની ખાધ ૨00૪-0૫માં રાષ્ટ્રીય આવકના

૦.૪ ટકા હતી, જે વધીને ૨૦૧૧-૧૨માં રાષ્ટ્રીય આવકના ૩.૬ ટકા થઇ.

- ભારત સરકારના ૨૦૧૧-૧૨ના અંદાજપત્રીય ખર્ચમાં ૩૦ ટકાનો ખર્ચ દેવાના વ્યાજ ચુકવવામાં થયો હતો, સરકારના ખર્ચનું આ સૌથી મોટું પ્રમાણ છે, તેની તુલનામાં સંરક્ષણ ક્ષેત્રે ૮ ટકા અને આરોગ્ય, શિક્ષણ પાછળની કુલ રકમ ૨ ટકાથી પણ ઓછી હતી.
- ૨૦૦૭-૦૮ની વૈશ્વિક મંદીની શરૂઆત દરમિયાન ભારત સરકારે બજારની નિષ્ફળતાની અસરને નિવારવાના નક્કર પગલાં લેવાં પડ્યાં, જેથી સપ્ટેમ્બર ૨૦૦૮ બાદ વૈશ્વિક મંદીની અસર ભારતીય અર્થતંત્ર પર ન પડે. ૨૦૦૮-૦૯માં સરકારે અર્થતંત્રને રૂ. ૧૨૦૦ અરબ (૨૭ અરબ ડોલર) જેટલું કુલ રાજકોષીય પ્રોત્સાહન પૂરું પાડ્યું. જે રાષ્ટ્રીય આવકના બે ટકાથી વધારે હતું.

## સમાજની સ્થિતિ

### જેમની પાસે નથી, જેમની પાસે છે, અને જેમની પાસે ખૂબ છે.

- વિશ્વ બેંકની માહિતીના આધારે લંડન સ્થિત ન્યુ ઇકોનોમિક ફાઉન્ડેશને (NEF) અંદાજ્યું છે કે ૧૯૯૦ અને ૨૦૦૧ની વચ્ચે વૈશ્વિક માથાદીઠ આવકમાં ૧૦૦ ડોલરની વૃદ્ધિથી ગરીબોની આવકમાં માત્ર ૦.૬૦ ડોલરનો વધારો થયો, તેનાથી દિવસ દીઠ એક ડોલરથી ઓછી



ઘટાડવા માટે દિવસ દીઠ એક ડોલર ફાળવવાનો હતો. એટલે કે ગરીબો સુધી એક ડોલર પહોચાડવા ગરીબ ન હોય તેને વધારાના ૧૬૫ ડોલર ચૂકવવા.

- જયારે ૧૯૯૧માં આર્થિક સુધારાઓની શરૂઆત થઇ ત્યારે માનવ'વિકાસ' આંકની શરતોમાં વિશ્વના તમામ દેશો પૈકી ભારત ૧૨૩મા ક્રમે હતું. (જેની ગણતરી શિક્ષણ, આયુષ્ય અને માથાદીઠ આવકના આધારે થાય છે) જે ૨૦૦૯માં ૧૩૪મા સ્થાન પર પહોંચી ગયું.
- ભારત સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્ર અંગેની અર્જુન સેનગુપ્તા સમિતિ અનુસાર ૨૦૦૭માં ૭૭ ટકા લોકો એક દિવસના રૂ.૨૦થી ઓછામાં જીવનયાપન કરતા હતા. આ પ્રમાણે દેશની કુલ ગરીબ વસ્તીનું પ્રમાણ ૧૯૪૭ની સ્વતંત્રતા સમયે ભારતની કુલ વસ્તી કરતાં અઢી ગણું થઇ ગયું છે.

*ગરીબી અંદાજતી તેંદુલકર સમિતિએ ૨૦૦૯માં આયોજન પંચને આપેલ અહેવાલ અનુસાર ૨૦૦૪-૦૫માં ગરીબીનું પ્રમાણ ગ્રામીણ ક્ષેત્રે ૪૧.૮ ટકા અને શહેરી ક્ષેત્રે ૨૫.૭ ટકા હતું. ગરીબી રેખા નિર્ધારણ માટે વપરાયેલ પ્રમાણ એક દિવસનું માથાદીઠ ખર્ચ ગ્રામીણ ક્ષેત્રે રૂ. ૧૫ અને શહેરી ક્ષેત્રે રૂ. ૨૦ હતું.

- ભારતમાં ૮૦ ટકા લોકોની વર્તમાન દૈનિક માથાદીઠ આવક રૂ.૧૫૦થી ઓછી છે.
- દુનિયામાં કુપોષિત વસ્તીનું સૌથી વધુ પ્રમાણ ભારતમાં છે. આ પ્રમાણ આફ્રિકાના સબ-સહારાના તમામ દેશોના કુપોષિતોની સંખ્યાથી પણ વધુ છે. અન્ન અને કૃષિ સંગઠન (Food and Agriculture Organisation- FAO)ના અંદાજ મુજબ ૨૦૦૪-૦૬ના સમયમાં ભારતમાં કુપોષિત વસ્તીનું પ્રમાણ ૨૫.૧ કરોડ હતુ, જે

કુલ વસ્તીના ચોથા ભાગ જેટલું હતું, તેના માટે વસ્તીવધારો અને અપેક્ષિત આયુષ્યમાં વધારો આંશિક રીતે જવાબદાર છે. બીજી તરફ અનાજની પ્રાપ્યતામાં વધારો થયો છે. ધાન્યના પુરવઠામાં સત્તત વધારો થયો છે, છતાં હજુ પણ ૨૦ કરોડ લોકો ભૂખ્યા સુવે છે અને ૫ કરોડ ભૂખમરાની હદ પર છે.

- ૨૦૦૫-૧૦ દરમિયાન દેશના અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતમા સૌથી વધુ ઝડપી વૃદ્ધિદર (બે આંકડા)નો અનુભવ રહ્યો છે. સરકારી માહિતી અનુસાર ૧૯૯૨-૯૩માં રાજયમાં કુપોષિત બાળકો.(ત્રણ વર્ષની અંદરના)નું પ્રમાણ ૪૪ ટકા હતું. ૨૦૦૫-૦૬માં પણ આવા બાળકોનું પ્રમાણ ૪૨ ટકા હતું (પ્રવર્તમાન માહિતી ઉપલબ્ધ નથી), સુધારાના આ જ સમયગાળામાં ઓછા વજન ધરાવતા બાળકોનું પ્રમાણ પણ ૪૭-૪૮ ટકા હતું.
- ભારતમાં 'વિકાસ'ના પ્રકલ્પોના પરિણામે વિસ્થાપિત તેમજ પ્રકલ્પથી પ્રભાવિત લોકોની અંદાજિત સંખ્યા ૧૯૪૭થી અત્યાર સુધી આશરે ૬ કરોડ હતી. આશરે ૨.૧ કરોડ વિસ્થાપિતો પર આયોજન પંચે કરેલ એક અભ્યાસમાં જણાયું છે કે, ભારતની કુલ વસ્તીમાં આદિવાસીઓનું પ્રમાણ ૮ ટકા જ હોવા છતાં આ વિસ્થાપિતોમાં ૪૦ ટકાથી વધુ આદિવાસી હતા.
- ૨૦૦૮-૦૯ની રાષ્ટ્રીય નિદર્શ મોજણી (NSS) અનુસાર ભારતના શહેરોમાં ૪૯૦૦૦ ઝુંપડપટ્ટીઓ હતી. ૨003ના સંયુક્ત રાષ્ટ્રના અભ્યાસમાં દર્શાવ્યું છે કે ભારતની શહેરી વસ્તીમાં અડધાથી વધુ વસ્તી ઝુંપડપટ્ટીઓમાં વસે છે (પુન:વસવાટને ઉમેરીને). આખી દુનિયામાં દર ત્રણમાંથી એક વ્યક્તિ ઝુંપડપટ્ટીમાં વસે છે.

*ભારતીય અર્થતંત્રના સંગઠિત ક્ષેત્રમાં રોજગારીનું પ્રમાણ ૧૯૯૧થી ૨૦૦૭ની વચ્ચે ૨૭૦ લાખની આસપાસ રહેલું હતું, જે ભારતના કુલ શ્રમદળના ૬ ટકાથી પણ ઓછું છે.

- ૧૯૯૧માં અનાજ અને કઠોળની માથાદીઠ દૈનિક પ્રાપ્તિ ૫૧૦ ગ્રામ હતી, જે ૨૦૦૭માં ઘટીને ૪૪૩ ગ્રામ થઇ.
- એપ્રિલ ૨૦૦૯માં ભારતમાં મોબાઈલ વાપરનારાઓની સંખ્યા ૪0.3 કરોડ હતી. તેમાંથી લગભગ ૪૬ ટકા અથવા ૧૮.૭ કરોડ લોકો એવા હતા જે કોઈ પણ બેંકમાં ખાતાધારક ન હતા. ભારતના ૬ લાખ ગામડાઓમાંથી માત્ર ૫.૨ ટકા ગામો જ એવા છે જે કોઈ બેંક શાખા ધરાવે છે. પરિણામે મોટા ભાગના ખેડૂતોના જીવન નાણા ધિરનારાઓના સકંજામાં ફસાયેલા હોય છે.
- ભારતમાં ૧૯૯૭-૨૦૦૮ દરમિયાન દેવામાં ફસાવાના કારણે ૨ લાખ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. (સુધારાની શરૂઆત બાદ આ સંખ્યામાં ખુબ ઝડપથી વધારો થયો છે). આ દસ વર્ષ દરમિયાન સરેરાશ દર 30 મીનીટે એક ભારતીય ખેડૂત પોતાની જાતને મારી નાખતો. (સ્ત્રીઓમાં આ પ્રમાણ ખૂબ ઓછું છે)

૨૦૦૯ની નીલસેન મોજણી અનુસાર ભારતમાં ૨૨ કરોડ પરિવારો પૈકી ૨૫ લાખ પરિવારો મોટર અને કમ્પ્યુટર બંનેની માલિકી ધરાવતા હતા. જયારે વિદેશમાં રજાઓ ગાળી શકે તેવા પરિવારો માત્ર ૧ લાખ હતા.

*અંદાજે ૬૦ ટકા ભારતીયો પાસે શૌચાલયની યોગ્ય વ્યવસ્થા નથી. યુનિસેફ અનુસાર વસ્તીના ૮૮ ટકા માટે જ પીવાલાયક પાણીના સ્રોતની પ્રાપ્યતાને સુધારી શકાઈ છે. (૧૯૯૦માં તે પ્રમાણ ૭૨ ટકા હતું)

- High Net Worth (HNW) એવા કરોડપતિ વ્યક્તિને માનવામાં આવે છે જેની મૂડીરોકાણ યોગ્ય સંપતિ (પોતાના ઘર, જમીન અને/અથવા સંપત્તિ સિવાય) ઓછામાં ઓછી ૪.૫ કરોડ રૂપિયા હોય. મેરિલ લિન્ચના મતે ભારતમાં ૨૦૧૦માં આવા લોકોની સંખ્યા ૧,૨૬,૭૦૦ હતી. આમ તો દેશની કુલ વસ્તીમાં તેનો હિસ્સો માત્ર ૦.૦૧ ટકા છે, પરંતુ તેમની સંપત્તિનું મૂલ્ય ભારતની રાષ્ટ્રીય પેદાશના ત્રીજા ભાગ જેટલું છે.
- રાષ્ટ્રીય ચૂંટણી તપાસ (National Election Watch) દ્વારા થયેલ મોજણી અનુસાર ૧૫મી લોકસભાના ૫૪૩ સભ્યો પૈકી ૩૦૦ સભ્યો ૪.૫ કરોડથી વધુ સંપત્તિ ધરાવતા હતા. ૨૦૦૪માં થયેલ સામાન્ય ચૂંટણીમાં ચૂંટાઈને આવેલ સભ્યોમાં આ સંખ્યા માત્ર અડધી હતી. ૧૫મી લોકસભાના ૫૪૩ સભ્યોની સંપત્તિ રૂ.૨૮૦૦ કરોડની નજીક હતી, એટલે કે લોકસભાના સરેરાશ સભ્ય કરોડપતિ હતા. ૬૪ કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓની સંપત્તિ ૧૦ કરોડ ડોલર હતી.
- ખાનગીકરણનો વ્યાપ કુદરતી સંસાધનોમાં પણ ઝડપથી વધી રહ્યો છે. ભારતના જુદા જુદા ભાગોમાં નદીઓના લાંબા લાંબા તટ કોર્પોરેટ ગ્રાહકોને વેચવામાં આવ્યા છે. દા.ત છત્તીસગઢની શિવનાથ, કેલુ અને કુકરૂટ નદીઓ.



## પર્યાવરણની સ્થિતિ

*સાંપ્રત અહેવાલ અનુસાર અમેરિકા અને ચીન બાદ પારિસ્થિતિકી પદચિહ્નો ધરાવતો ભારત દુનિયાનો ત્રીજો દેશ છે. ભારતીયો દેશના કુદરતી સંસાધનોના ટકાઉ સ્તર કરતા લગભગ બે ગણો વધુ વપરાશ કરે છે. માનવીઓને ટકાવવાની પ્રકૃતિની ક્ષમતા તીવ્રતાથી ઘટી રહી છે. છેલ્લા ચાર દાયકામાં તે મોટે ભાગે અડધી થઇ ગઈ છે.

- ભારતની વસ્તીના ૪૦ ટકા ગરીબો કરતા ભારતના ધનિક (ટોચના ૦.૦૧) લોકોના માથાદીઠ પારિસ્થિતિકી પદચિહ્નો ૩૩૦ ગણા વધુ છે, જે ઔદ્યોગિક રીતે વિકસિત અને ઉચ્ચ આવક ધરાવતા દેશોના નાગરિકોના સરેરાશ પારિસ્થિતિકી પદચિહ્નો કરતા ૧૨ ગણા વધુ છે. ભારતના ૧ ટકા ધનિક લોકોના પારિસ્થિતિકી પદચિહ્નો ધનિક દેશોના નાગરિકોના સરેરાશ પારિસ્થિતિકી પદચિહ્નો કરતા ૦.૬૭ ગણા વધુ છે. અને ભારતના ૪૦ ટકા ગરીબો કરતા ૧૭ ગણા વધુ છે. ભારતના ૧૭ ટકા ગરીબો સંસાધનોનો જેટલો વપરાશ કરે છે, તેટલો વપરાશ મોટર અને લેપટોપ ધરાવતી એક વ્યક્તિ કરે છે. આવી વ્યક્તિ સરેરાશ ૨.૩ વૈશ્વિક નાગરિકો (૨૦૦૭માં વૈશ્વિક માથાદીઠ આવક આશરે ૧૦,૦૦૦ ડોલર હતી) જેટલા સંસાધનોનો વપરાશ કરે છે તેટલો વપરાશ એક વ્યક્તિ કરે છે.
- પર્યાવરણ અને વન મંત્રાલય (MoEF)ના 'સ્ટેટ ઓફ એન્વાયરમેન્ટ' અહેવાલ ૨૦૦૯ના અનુસાર ભારતની અન્ન સુરક્ષા ભવિષ્યમાં થનાર તાપમાન પરિવર્તનના કારણે જોખમાશે. તેના કારણે દુષ્કાળ અને પૂરનું પ્રમાણ વધશે

અને પરિણામે નાના અને સીમાંત ખેડૂતોના ઉત્પાદનમાં ઘટાડો થશે, જે દેશના કુલ ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો લાવશે. પરિણામે દેશમાં અનાજની તીવ્ર અછત સર્જાશે.

- વૈશ્વિક કાર્બન સર્જનમાં ભારતનો હિસ્સો લગભગ ૮ ટકા છે. અર્થતંત્રની વૃદ્ધિ સાથે દર વર્ષે તે વધી રહ્યો છે. વર્તમાન પ્રવાહો જો સતત રહેશે, તો ભારતમાં ૨૦૩૦માં માથાદીઠ કાર્બન સર્જન ત્રણ ગણું થઇ જશે.
- ભારત તેની કુલ ઉર્જાની અડધી જેટલી ઉર્જા કોલસામાંથી મેળવે છે. કોલસાની મોટા ભાગની ખાણોનું વ્યવસ્થાપન કરનાર કોલ ઇન્ડિયાના મતે ભારતમાં કોલસાના પ્રમાણને ધ્યાનમાં લઈએ તો વાપરવા જેવા કોલસાની અનામતોનું પ્રમાણ પહેલા જેટલું રહ્યું નથી. વૃદ્ધિના વર્તમાન દરોએ અંદાજે છેલ્લા ૮૦ વર્ષો ચાલે તેટલો કોલસો છે. પરંતુ જો વૃદ્ધિના અંદાજિત દરે વપરાશ થશે તો ૩-૪ દાયકામાં આ અનામતો પૂર્ણ થઇ જશે. આમ છતાં ભારતના છેલ્લા અંદાજપત્રમાં બિનપરંપરાગત ઉર્જા સ્રોત પાછળનું અંદાજપત્ર કુલ ઉર્જા અંદાજપત્રના માત્ર ૧.૨૮ ટકા હતુ.
- દેશમાં વધુને વધુ પ્રદેશોમાં વારંવાર પાણીની અછત સર્જાય છે. વિશ્વભરમાં ભારત વર્ષમાં સૌથી વધુ ભૂગર્ભજળનો વપરાશ કરતો દેશ છે. જમીનમાંથી પાણી મેળવાતા દેશના ઘણા વિસ્તારોમાં કુદરતી રીતે જેટલું પાણી આવે છે તેના કરતા બે ગણું વધારે ઉલેચવામાં આવે છે. જેમ જેમ પાણીના તળ સુકાઈ રહ્યા છે તેમ તેમ પાણીના સ્તર નીચા જઈ રહ્યા છે. કેટલીક જગ્યાએ તો (જેમકે પંજાબ) જળસ્તર દર વર્ષે ૩-૧૦ ફીટ નીચું જતું જાય છે. આબોહવાના પરિવર્તનના કારણે તાપમાનમાં વધારો થઇ રહ્યો છે. ભારતમાં વાર્ષિક વરસાદના આધારે વાર્ષિક માથાદીઠ પાણીનું પ્રમાણ ૨૦૦૧માં ૧૮૨૦ ઘન મીટર હતું, જે ૨૦૫૦ના વર્ષમાં ૧૧૪૦ ઘન મીટર થશે. દરેક ઋતુએ વરસાદી દિવસોમાં ૧૫ દિવસોનો ઘટાડો થઇ રહ્યો છે, જો કે વરસાદી દિવસોમાં વરસાદની તીવ્રતા વધી છે.
- છેલ્લા કેટલાક દસકાઓમાંથી ૨૦૦૯નું વર્ષ ભારત માટે દૂષ્કાળનું વર્ષ રહ્યું હતું, જેમાં ચોમાસાના કુલ વરસાદના ૨૦ ટકા વરસાદ ઓછો હતો અને વધુમાં દેશના કૃષિપ્રદેશોમાં નોંધપાત્ર પ્રમાણમાં ઓછો હતો. ખાસ કરીને પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને પંજાબ, જે કૃષિ માટે વિશેષ મહત્વનાં રાજ્યો છે.
- જમીનનું ઉપલું સ્તર કૃષિઉત્પાદકતા માટે અત્યંત મહત્વનું છે. ભારતીય કૃષિ સંશોધન મંડળ(ICAR)ના મતે દર વર્ષે હેકટરદીઠ ઉપલા સ્તરની ૧૬ ટન માટી એટલે કે દેશભરમાં દર વર્ષે ૫ અરબ ટન ઉપજાઉ માટી નાશ પામી રહી છે, જે ઉત્તમ જમીન બનતા હજારો વર્ષ લાગે છે. બેંગ્લોરની આસપાસના ગામડામાં ખેડૂતોએ અનાવૃષ્ટિથી પીડાઈને ભૂખમરાથી ડરીને સારી જમીનને રેતી તરીકે વેચવાનું શરુ કર્યું છે. પ્રતિ દિન ૧૦૦૦ ટ્રક માટી ખેતીક્ષેત્રમાંથી મેટ્રોપોલી બેન્ગ્લુરુના બાંધકામ માટે રેતી તરીકે વેચાય છે.
- ૧૯૯૦-૨૦૦૦ દરમ્યાન વાર્ષિક પુનઃવનીકરણનો દર ૦.૫૭ ટકા હતો, જે ૨૦૦૦થી ૨૦૦૫ દરમ્યાન ૦.૦૫ ટકા થયો. ભારતીય જમીનના ૧૨ ટકાથી પણ ઓછી જમીન પર ગીચ અથવા ઓછા ગીચ જંગલો છે અને તેટલા જ વિસ્તારમાં ખુલ્લા જંગલ અથવા ઝાંખરાવાળા જંગલ છે.
- ૧૯૮૦-૮૧થી જંગલની કુલ જમીનને અન્ય ઉપયોગમાં લઇ જવાઇ રહી છે. ૨૦૦૧ પછી

લગભગ ૫૫ ટકા જમીનને ખનન હેઠળ લઇ જવામાં આવી છે, ૧૯૮૦-૮૧ પછી ખનન માટે જેટલી જમીનને લઇ જવામાં આવી, તેમાંની ૭૦ ટકા જમીનને ૧૯૯૭ અને ૨૦૦૭ની વચ્ચે ખનન હેઠળ લઇ જવામાં આવેલી હતી. વૈશ્વિકીકરણે ફરી એકવાર જંગલોના નાશ અને જમીનધોવાણને તીવ્ર બનાવ્યા છે, જે ૧૯૮૦માં વધુ નિયંત્રિત હતા.

- ૧૩૦,૦૦૦થી વધુ છોડ, પશુઓ, પ્રાણીઓની પ્રજાતિઓ અને પાકોમાં અમાપ વૈવિધ્ય અને ધરાવતું ભારત વિશ્વની કુલ જૈવિક વૈવિધ્યતામાં મહત્વનું સ્થાન ધરાવે છે. વન અને પર્યાવરણ મંત્રાલય (MoEF)ના મતે દેશની દસ ટકા સ્થાનિક વનસ્પતિ અને સ્થાનિક પશુપંખીઓ આબોહવા પરિવર્તનના વગર પણ ભયના આરે ઉભેલી પ્રજાતિઓની યાદીમાં છે. પરંતુ જો તાપમાન બે અંશ સેલ્સિયસ વધશે તો ભારત તેની ૧૫થી ૪૦ ટકા પ્રજાતિઓ ગુમાવશે. વન્યપ્રદેશોમાં જળસંગ્રહ વિસ્તારના કારણે વન્ય તથા જૈવિક વૈવિધ્યતા ધરાવતી પારિસ્થિતિકી વ્યવસ્થાનો નાશ થયો છે. જળઉર્જા અને ખનન પ્રકલ્પો ભારતની જૈવિક વિવિધતા માટે સૌથી વધુ ભયજનક ઘટના છે. આર્થિક ‘વિકાસ’ની તીવ્રતાને લીધે દેશની પવિત્ર વનસ્પતિઓ, વૃક્ષો અને ગ્રામીણ વિસ્તારોના સમુદાયોના આરક્ષિત વિસ્તારો પર ભય અને વિનાશની શક્યતા રહેલી છે.
- ભારતની વસ્તીના કુલ ૭૦ ટકા વસ્તી જમીન આધારિત વ્યવસાય ધરાવે છે. જંગલો, જળપ્લાવિત વિસ્તારો અને સમુદ્રી આવાસો સાથે તેઓ સંકળાયેલા છે. પરિણામે તેઓ પ્રત્યક્ષ રીતે સ્થાનિક પારિસ્થિતિકી વ્યવસ્થા પર આધારિત છે. તેઓની લગભગ બધી જ પ્રાથમિક જરૂરિયાતો- પાણી, ખોરાક, બળતણ, રહેઠાણ, ઘાસચારો અને દવાઓ - પર્યાવરણમાંથી મેળવાય છે. આશરે ૧૦,૦૦૦ પ્રજાતિના છોડ અને ૫,૦૦૦ પ્રાણીપ્રજાતિઓ રોજગારી અને જૈવવૈવિધ્યના આ પ્રત્યક્ષ સંબંધમાં જોડાયેલી છે. ૨૭.૫ કરોડ લોકોની રોજગારીનો આધાર લાકડા સિવાયની જંગલપેદાશો છે. પારિસ્થિતિકી નાશ આ તમામ લોકોના જીવન અને રોજગારીને અસર કરે છે.
- ભારત ૭,૫૦૦ કી.મી લાંબો દરિયાકિનારો ધરાવે છે, જેમાં ૧૨ મોટા અને ૧૮૫ નાના બંદરો પર અનેક તેલ રિફાઇનરીઓ અને પેટ્રોરસાયણિક અથવા અન્ય જોખમી ઉદ્યોગો છે. સમુદ્રતટ અને સમુદ્રી પારિસ્થિતિકી વ્યવસ્થા સાથે સંબંધિત બીજા ઘણા ઉદ્યોગો પણ વિકસી રહ્યા છે.
- કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ નિગમ (Central Pollution Control Board - CPCB)ના મતે કિનારા પરના નગરો અને શહેરો દરરોજ ૫.૫ અરબ લીટર ગંદુ પાણી સમુદ્રમાં છોડે છે. ૨૫ કરોડ લોકો ભારતીય સમુદ્રકિનારે રહે છે, તેમાંના ૩૬૦૦ ગામડાઓ માછીમારી પર નભે છે. તે સિવાય ૪૦૦૦ ચો.કી.મીના ચેરના જંગલો છે, જે સમુદ્રી તોફાનોથી રક્ષણ આપે છે. ભારતની આર્થિક વૃદ્ધિએ સંસાધનોની માંગમાં જે વધારો કર્યો છે તેના કારણે પરંપરાગત રોજગારી જેમ કે માછીમારી અને સંવેદનશીલ સમુદ્રી પારિસ્થિતિકી વ્યવસ્થા કેટલાક ભય હેઠળ આવી ગયા છે.
- ભારતમાં ૨૦૦૫માં ૧૪૬,૦૦૦ ટન વિજાણુ કચરાનું સર્જન થયેલું, જે ૨૦૧૨માં ૮૦૦,૦૦૦ ટન થવાનો અંદાજ છે. ૧૯૯૨ના બેઝલ કન્વેશન અનુસાર ૧૯૯૭માં સર્વોચ્ચ અદાલતે એક આદેશ કરીને દેશમાં જોખમી કચરાની આયાત પર પ્રતિબંધ મુકેલો હતો. પરંતુ

હાનીકારક વિજાણુ કચરો 'પુનઃઉત્પાદક' વસ્તુઓના નામે દેશમાં ઠલવાઇ રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં વન અને પર્યાવરણ મંત્રાલય (MoEF) દ્વારા કેટલીક કંપનીઓને હજારો ટન હાનીકારક વિજાણુ કચરો આયાત કરવાની છૂટ અપાઇ છે.

* વૈશ્વિકીકરણના તબક્કામાં હાનીકારક કચરો અને કેટલાક જોખમી કચરાની આયાતમાં અસાધારણ વધારો થયો છે. ઉદાહરણ તરીકે પ્લાસ્ટિક કચરો. 2003-04માં જે ૧૦૧,૩૧૨ ટન હતો, તે વધીને ૨૦૦૮-૦૯માં ૪૬૫,૯૨૧ ટન થઇ ગયો. પુનઃઉત્પાદન માટે દરેક માન્ય યોજના હેઠળ ઝેરી કચરો આયાત થાય છે. જેમાં પશ્ચિમ એશિયા અને આફ્રિકાના દેશોમાં યુદ્ધોમાં નીકળેલ હજારો ટન ઝેરી કચરો દેશમાં આયાત કરાય છે. કેટલીક વાર સક્રિય વિસ્ફોટકો, સાધનો એ કચરામાં આવી જાય છે જે પુનઃ ઉત્પાદ્ય એકમોમાં ઘણી વાર ફાટતા હોય છે.

*પર્યાવરણીય પ્રવૃત્તિઓ પર કાર્યરત જૂથ કલ્પવૃક્ષના મતે ભારત સરકાર એક દિવસના ખાણ-ખનીજ, ઔદ્યોગિક અથવા આંતર-માળખાના સરેરાશ ત્રણ પ્રકલ્પ મંજૂર કરે છે. બીજી તરફ આ લખાય છે ત્યારે ૬,000 કરતા વધુ પ્રકલ્પની દેખરેખ માટે છ પ્રાદેશિક કચેરીઓ, અને કચેરી દીઠ ૨-૪ કર્મચારીઓ નિયુક્ત થયા છે. જે પ્રકલ્પને પર્યાવરણીય મંજૂરી આપી ચૂકાઈ છે તેને ત્રણ-ચાર વર્ષમાં એક વાર તપાસવામાં આવે છે. આ તમામ સ્વીકૃતિઓ જરૂરી પર્યાવરણીય નિયમો સાથે અપાય છે, જે ખૂબ ઓછા છે. છેલ્લા દસકામાં જાહેરનામા સાથે સંબંધિત ૩૦થી વધુ ફેરફાર થયા છે, જેથી મંજૂરી સરળતાથી મેળવી શકાય. ( પર્યાવરણ પ્રભાવ આકારણી, અને સમુદ્રી ક્ષેત્ર નિયમન પર્યાવરણ રક્ષણ કાયદા હેઠળના બીજા નિયમો વધુ હળવા બન્યા છે.)

*ભારતમાં કેટલાક ક્ષેત્રોની વૃદ્ધિ આકર્ષક હોવા છતાં દેશના અંદાજપત્રમાં પ્રત્યક્ષ પર્યાવરણીય કાર્યો અને નિયમો પાછળનો હિસ્સો ખૂબ નજીવો છે (પ્રમાણ ૧ ટકાથી પણ ઘણું ઓછું હતું, ૨૦૦૯-૧૦માં આ રોકાણ આજ સુધીનું સૌથી ઓછુ હતું).

## અન્ય વિકલ્પોની શોધ

* ભારતમાં સામાજિક અને પર્યાવરણીય જાગૃતિમાં ઝડપથી વધારો થઇ રહ્યો છે. બીજી તરફ ધ્યાનાકર્ષક 'વિકાસ'પ્રક્રિયાની સામે વિવિધ સમુદાયો અને નાગરિકો દ્વારા ઝડપથી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઇ રહી છે. જેમ કે પોષક ખેતી, જલસંસાધનોનું વિકેન્દ્રીકરણ, ગ્રામીણ ઉદ્યોગીકરણ, પુનઃપ્રાપ્ય ઉર્જા સંબંધિત શિક્ષણ, જાહેર આરોગ્ય, સંપોષિત શહેરીજીવન, સમુદાયોનું સ્વયંસંચાલન અને એકમસ્તરીય પ્રાદેશિક આયોજન, સમુદાયો જ માધ્યમ, બજાર અને ઉત્પાદનની પ્રક્રિયાનું લોકશાહીકરણ વગેરે જેવા વિકલ્પો અગાઉથી જ ઉપલબ્ધ હતા.

*'વિકાસ'ના વિનાશક પ્રકલ્પો અને પ્રક્રિયા સામે પડકાર છે. સમગ્ર દેશમાં તેના પ્રતિરોધની હિલચાલ ચાલી રહી છે. સમાજના પ્રવૃત્ત નાગરિકો વિશિષ્ટ આર્થિક પ્રદેશ (SEZ), બંધો, ખાણો વગેરેને બંધ કરવા અથવા તેમાંથી કેટલાકનો જ સ્વીકાર કરવાની અથવા તેમને આસપાસના વિસ્તારમાં નહી સ્વીકારવા અંગેની માંગ કરી રહ્યા છે.

*બુદ્ધિજીવી નાગરિકોની માંગને આધારે અને સામાન્ય વલણને ધ્યાનમાં લઇને સરકારે

કેટલાક પ્રગતિશીલ નીતિનિયમો અને યોજના ઘડયા છે; જેમકે માહિતી અધિકારનો કાયદો, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી યોજના અને જંગલ અધિકાર કાયદો.

## (ખ) પર્યાવરણીય પ્રભાવ

### પ્રસ્તાવના: વૈશ્વિકીકરણ અને પર્યાવરણ

*વૈશ્વિકીકરણની નવી આર્થિક નીતિના અમલમાં આવ્યા બાદ તત્કાલીન નાણામંત્રી મનમોહન સિંહે દિલ્હીમાં સુધારાઓની પર્યાવરણીય અસરો પર એક વ્યાખ્યાન આપેલ. તેમની મુખ્ય દલીલ એ હતી કે પર્યાવરણીય સંરક્ષણ માટે આર્થિક સંસાધનો જરૂરી છે જે નવી નીતિ દ્વારા સર્જાશે. બે દસકા પછી તેમની આ રજૂઆત કેટલી અસરકારક હતી?

૧૯૯૧થી આર્થિક વૈશ્વિકીકરણનો પ્રભાવ નીચે મુજબ જોવા મળ્યો.

- અર્થતંત્રની ઝડપી આર્થિક વૃદ્ધિનો આધાર આંતર-માળખા પાછળના મોટા ખર્ચ, અને સંસાધનના બેફામ વપરાશ પર રહેલો છે, અને તે ધનિકો દ્વારા કચરાનું સર્જન કરતા વપરાશને પ્રોત્સાહન આપે છે. સમગ્ર અર્થતંત્રનો પ્રવાહ માંગ સંચાલિત બનવા છતાં કાયદેસર નિર્દિષ્ટ અને ઈચ્છવાયોગ્ય માંગ કેટલી છે અને તેનો પ્રભાવ શું છે (તેનો હેતુ શુ છે) તે ધ્યાનમાં લેવાયું નથી.
- વ્યાપારમાં (આયાતો અને નિકાસો) ઉદારીકરણના બે પરિણામ આવ્યાં. વિદેશી હૂંડિયામણ મેળવવા કુદરતી સંસાધનોના દોહનમાં ઝડપથી વધારો થયો; અને વપરાશી વસ્તુઓ અને કચરાની આયાતમાં અસાધારણ વધારો થયો. (સ્થાનિક ઉત્પાદનના ઝડપી વધારાને ઉમેરીને) તેનાથી કચરાના નિકાલ અને સ્વાસ્થ્યના પ્રશ્નોની ગંભીર સમસ્યા સર્જાય. ઉપરાંત વનઉછેર, મત્સ્યઉછેર, પશુપાલન, ખેતી અને હસ્તઉદ્યોગ જેવી પરંપરાગત રોજગારી પર અસર થઇ.

*સ્થાનિક અને વિદેશી નિગમોમાં મૂડીરોકાણના વાતાવરણને વધુ અનુકૂળ બનાવવા



જાહેરનામામાં પર્યાવરણીય ધોરણો અને નિયમોને હળવા બનાવાયા અથવા અવગણવામાં આવ્યાં.

*વૈશ્વિકીકરણની શરૂઆતમાં ભારતમાં જે વિદેશી પેઢીઓ મૂડીરોકાણ માટે આવી તે પર્યાવરણને દૂષિત કરવામાં કુખ્યાત હતી જ. ઉપરાંત સામાજિક અને પર્યાવરણીય સમતાના માપદંડોમાં વધુ છૂટની માંગ સાથે આવી. કદ અને સત્તામાં સારું કાઠું કાઢેલ સ્થાનિક નિગમો પણ હવે આ જ પ્રકારની માંગ કરી રહ્યા છે.

- જુદા જુદા ક્ષેત્રોનું ખાનગીકરણ અમુક કક્ષાએ લઇ જતાં તે પર્યાવરણીય ધોરણોને ભંગ કરવા કે મંદ કરવા પ્રોત્સાહિત કરે છે.

જો મનમોહન સિંહનો આગ્રહ સાચે જ લાગુ પડ્યો હોત તો ભારતમાં પર્યાવરણના સંરક્ષણ માટે પગલાં અને કાર્યક્રમો દાખલ થયા હોત. પરંતુ પારિસ્થિતિકી અછત હવે તીવ્ર બની ગઈ છે, જે વૈશ્વિકીકરણની પ્રક્રિયાનું એક સ્વાભાવિક અને અનિવાર્ય પરિણામ છે. જે રીતે ગરીબો માટે 'ઝમર અસર' પદ્ધતિ કાર્યક્ષમ નીવડી નથી અને તે રીતે 'રોકાણ માટે સંસાધનો' અંગેનો આગ્રહ અસરકારક નીવડ્યો નથી.

અહી સ્પષ્ટતા કરવી જોઈએ કે જે ક્ષેત્રો અને પ્રવૃત્તિઓની ટીકા કરાય છે તેનો અર્થ એ નથી કે લેખકો  તેમના વિરોધી છે. લેખકો એવું નથી કહેતા કે ખોદકામ, માછીમારી, આયાત, નિકાસો વગેરે ન થવું જોઈએ, ધ્યાનમાં લેવાની વાત એ જ છે પ્રશ્ન જરૂર પૂછીએ કે 'આપણને તેની જરૂર છે કે નહી'.  જો આપણને તેની જરૂરિયાત હોય તો - શું ઉપલબ્ધ છે, ક્યા હેતુ માટે, અને કઈ શરતો હેઠળ વગેરે. હાલમાં આ પ્રશ્નો એવા છે જેને પાછળ ધકેલી દીધા છે. બીજું, નીચે વર્ણવેલ ઘણા વલણો વર્તમાન વૈશ્વિકીકરણના જરૂરી ઉત્પાદનો નથી. તેમાંના કેટલાંક 'વિકાસ'ના મોડેલના એવા મૂળ છે, જેને આપણે છેલ્લા પાંચથી દસ વર્ષમાં સ્વીકાર્યા છે અને તેમાં સંચાલનના, સામાજિક, આર્થિક અસમાનતાના પ્રશ્નો અંતર્ગત રહેલા છે. આમ છતાં વૈશ્વિકીકરણના આ તબક્કાએ આ વલણોને માત્ર તીવ્ર બનાવ્યા નથી, પરંતુ તેમાં નવા સ્વરૂપમાં સારી પેઠે વધારો કર્યો છે. આ મોડેલ ભારતના પર્યાવરણ અને લોકો માટે અત્યંત જોખમી છે.

## આંતર-માળખું અને વસ્તુઓ: માંગ ઈશ્વર છે.

બે આંકડાના વૃદ્ધિદરને મેળવવા માંગ ઈશ્વરનો દરજ્જો મેળવે છે તેમાં કોઈ પ્રશ્ન ન હોઈ શકે. આંતરમાળખાની જરૂરિયાત અથવા કાચામાલ અથવા વ્યાપારિક ઉર્જાનું સર્જન માનવકલ્યાણ અને ન્યાયને ધ્યાનમાં લઇને નક્કી થતા નથી. તે અતિ આવશ્યક પણ નથી. પરંતુ આર્થિક વૃદ્ધિદરના આધારે તે લક્ષ્યાંક નક્કી થાય છે. જો કે વૃદ્ધિદર અને માનવકલ્યાણ વચ્ચે સહસંબંધ જરૂરી નથી.

આ કારણે છેલ્લા બે દાયકામાં નવા આંતર-માળખાની રચનામાં ઘણા મોટા પ્રમાણમાં વધારો જોવા મળે છે (ધોરીમાર્ગ, બંદરો અને હવાઈમથકો, શહેરી આંતર-માળખું અને ઉર્જામથકો). આ માટેના જમીનના અધિગ્રહણમાં મોટા પ્રમાણમાં વધારો થયો છે. જમીનના ઉપયોગમાં પરિવર્તનમાં મોટા ભાગે કુદરતી પારિસ્થિતિકી વ્યવસ્થાઓ જેમકે જંગલો અને સમુદ્રકિનારાઓ અથવા ખેતરો અને ગૌચરોને અસર થઇ.

*૧૯૯૩-૯૪ અને ૨૦૦૮-૦૯ દરમ્યાન ભારતમાં ખનીજોના ઉત્પાદનમાં ૭૫ ટકા વધારો થયો છે, જે જંગલની જમીનનો ખનન

(ખોદકામ) માટેના વપરાશમાં થયેલો ઝડપી વધારો સૂચવે છે, ૧૯૮૧ (જંગલની જમીનને બિન-જંગલ વપરાશ માટે કેન્દ્ર સરકારની મંજૂરીને અનિવાર્ય જાહેર કર્યા પછી)થી ૧૫ લાખ હેકટર જેટલી જંગલની જમીનને ખનન માટે ઉપયોગમાં લેવાઈ.

આ પરિવર્તનાં સામાજિક અને પારિસ્થિતિક પ્રભાવ ડરામણાં છે. ખોદી નખાયેલા ચૂના અને આરસ- વિહોણી અરવલ્લી અને શિવાલિક ગિરિમાળાઓ; ગોવા, મધ્ય પ્રદેશ અને ઓડિશાના કાચાં લોખંડના ખાડાઓ અથવા બોકસાઇટની ટેકરીઓ, પૂર્વ ભારતનો કોલાસવિહીન વિસ્તાર અને ઝારખંડનો યુરેનિયમથી પ્રદૂષિત વિસ્તાર – આ બધા જ આર્થિક "વિકાસ" પરિસ્થિતિને કઈ હદે ખરાબ કરી શકે તેના સાક્ષી હશે.

*૧૯૯૧થી વિશ્વની કેટલીક મોટી ખનન પેઢીઓ ભારતમાં મૂડીરોકાણ કરી રહી છે: રીઓ ટીંટો ઝીંક (ઇંગ્લેન્ડ). બીએચપી (ઓસ્ટ્રેલિયા), અલકોન (કેનેડા), નોકર્સ હાયડ્રો (નોર્વે), મેરિડિયન (કેનેડા), ડી બિયર્સ (દક્ષિણ આફ્રિકા), રેથીયોન (અમેરિકા) અને ફેલ્પસ ડોજ (અમેરિકા). આમાંની ઘણી પેઢીઓ ભારતની આંતરિક ખનન પેઢીઓની જેમ ભયંકર અથવા ખરાબ પર્યાવરણીય અને સામાજિક દેખાવ ધરાવે છે.

નીતિના પરિવર્તનનો ઝોક ખનન પેઢીઓના કાર્યને વધુ સરળ બનાવવા તરફનો



રહ્યો છે. દા.ત ભાડે આપેલ વિસ્તારના વધારા દ્વારા (૧૯૯૬માં ૨૫ ચો.કી.મીથી ૫૦૦૦ ચો.કી.મી!) જાહેર સુનાવણીની જરૂરિયાત વગરના વિસ્તારમાં વધારો કર્યો છે, આવી જ ઘણી રાહતો ખનન પેઢીઓને અપાઈ છે. વળી, ૨૦૦૮ની રાષ્ટ્રીય ખનીજ નીતિમાં પર્યાવરણીય નીતિ-નિયમોને ઐચ્છિક બનાવવાનું સૂચન કરાયું.

માંગ સંચાલિત અર્થતંત્રમાં ખનન ક્ષેત્રમાં નીતિ-નિયમોની ગેરહાજરી અત્યંત સ્વાભાવિક પરિણામ છે. વિશ્વ અને ભારતના લોભને યોગ્ય ઠરાવવનો આ પ્રયત્ન છે. ગેરકાયદેસર ખનનના કિસ્સાઓ પ્રકાશમાં

| વર્ષ | વિસ્તાર (હેકટર) | ટકા |
|---|---|---|
| ૧૯૮૧-૧૯૯૨ | ૧૩૦૦૦ | ૦૮.૭ |
| ૧૯૯૨-૨૦૦૨ | ૫૭૦૦૦ | ૩૮.૨ |
| ૨૦૦૨-૨૦૧૧ | ૭૯૦૦૦ | ૫૩.૦ |

આવતા આ બાબત સ્પષ્ટ થાય છે. દા.ત માત્ર કર્ણાટકમાં ૨૦૦૬-૨૦૦૯ દરમ્યાન ગેરકાયદેસર ખનનના ૧૧,૮૯૬ કિસ્સા પકડાયા હતા. આંધ્રમાં આ પ્રમાણ ૩૫,૪૧૧ હતું.

## નિકાસ: આપણા ભવિષ્યનું વેચાણ

સરકારના સક્રિય પ્રોત્સાહનના કારણે ભારતની નિકાસો ૨૦૦૩-૦૪થી વાર્ષિક ૨૫ ટકાના દરે વધી રહી છે, જે ૨૦૧૧-૧૨માં ૩૦૦ અરબ અમેરિકન ડોલરે પહોચી, નિકાસોના નિશ્ચિત સ્તરને ઇચ્છનીય ગણીએ તો એક જવાબદાર નીતિ નીચેના મહત્વના ઉદ્દેશ્યોને અનુસરનારી હોવી જોઈએ.

- નિકાસ યોગ્ય વસ્તુઓને શરૂઆતમાં દેશના નાગરિકોને વાપરવાનો હક ખર્ચના વધારાથી

અથવા ભૌતિક પ્રાપ્તિના ઘટાડા દ્વારા જોખમમાં મૂકાતો નથી.

- આ વસ્તુઓનું ઉત્પાદન પારિસ્થિતિકીની રીતે સંપોષિત હોવું જોઈએ.
- જે વિસ્તારમાંથી સંસાધનો મેળવાય તેના પર સ્થાનિક સમુદાયોનો અધિકાર હોય અને
- સમુદાયો જ સંસાધનોના પ્રાથમિક લાભાર્થીઓ હોય.

કમનસીબે વૈશ્વિકીકરણ હેઠળ આ તમામ સિદ્ધાંતોનો ભંગ થાય છે. ખનન પ્રવૃત્તિની જેમ, સમુદ્રી માછીમારી પણ એક મુખ્ય લક્ષ્ય રહ્યું છે. ૧૯૯૦-૯૧માં સમુદ્રી ઉત્પાદનની નિકાસો ૧૩૯,૪૧૯ ટનથી વધીને ૨૦૦૮-૦૯માં ૬૦૨,૮૩૫ ટન થઇ. ભૂતકાળમાં ભારતમાંથી લગભગ ૧૨ દેશોમાં નજીવી વસ્તુઓ મોકલાતી હતી,. હાલમાં લગભગ ૯૦ દેશોમાં ૪૭૫ વસ્તુઓ નિકાસ થાય છે. ભારત સમુદ્રી ઉત્પાદનમાં વિશ્વનો (પ્રમાણ અને મૂલ્યમાં) દ્વિતીય ક્રમનો ઉત્પાદક દેશ છે.

## દેખાવે ફાંકડું, પણ કઈ કિંમતે?

એક અભ્યાસ અનુસાર આંધ્રપ્રદેશ અને તામિલનાડુમાં સમુદ્રી ઉત્પાદન ઝીંગાની આવક કરતા તેનું સામાજિક અને પર્યાવરણીય ખર્ચ ૩.૫ ગણું વધુ છે (વાર્ષિક ખોટ રૂ. ૬૭,૨૮ કરોડ, વાર્ષિક આવક રૂ. ૧૭,૭૮ કરોડ). જેમ જેમ ઝીંગાની ખેતી માટે નવા નવા વિસ્તારો આવી જાય છે, તેમ સ્થાનિક સમુદાયોનો મુખ્ય ખોરાક સ્થાનિક માછલીઓ જેમ કે મૂલેટ અને પર્લ સ્પોટ ઘટતી જાય છે. ૨૦૦૮માં સમુદ્ર માછીમારીમાં પણ લગભગ ત્રણ લાખ ટનનો વધારો થયો હતો, જ્યારે કિનારા પરની માછીમારીમાં અતિ દોહનના લક્ષણો જણાવા લાગ્યા હતા (જોકે ઊંડા સમુદ્રમાં નહી). દસમી પંચવર્ષીય યોજનાના માછીમારી અંગેના જૂથના અહેવાલ અનુસાર આ માટે મુખ્ય કારણ મુક્ત વપરશ ધરાવતા સંસાધનની જેમ સમુદ્રનો થતો વપરાશ છે, જ્યાં પરંપરાગત માછીમારી કરતા સમુદાયોને કોઈ પણ પ્રકારના હક્ક અપાયા નથી અને ટેકનોલોજી પણ બદલાય છે.

નવી નીતિમાં સરકારના દાવા મુજબ મોટા સંચાલકોને જ્યાં પરંપરાગત માછીમારો ન જઈ શકે, તેવા માત્ર ઊંડા પાણીની માછલી પકડવાની ભારપૂર્વક છૂટ અપાશે. પરંતુ ભૂતકાળના અનુભવોમાં જોવા મળ્યું હતું કે મોટા જહાજોના માલિકો પણ કિનારાની આસપાસની માછલીઓને પકડવાનું જ વધુ સસ્તુ અને સરળ માને છે. વળી આ ટ્રોલરો માછલીઓની પ્રજનન ઋતુમાં પણ ગેરકાયદેસર રીતે માછીમારી ચાલુ રાખે છે. પરિણામે  સ્થાનિક માછીમારી પર નભતા લોકો અને જહાજના માલિકો વચ્ચે સંઘર્ષ  થાય છે.

## આયાતઉદારીકરણ: ભારત. એક લાદણ વિસ્તાર

છેલ્લા દસકા દરમ્યાન એ પણ દેખાઇ રહ્યું છે કે ભારત ઔદ્યોગિક દેશોમાંથી આવતા જોખમી અને ઝેરી કચરાનો મોટો આયાતકાર બની રહ્યો છે. ભારતમાં ૧૦૦થી વધુ પ્રકારના કચરાની આયાત થાય છે, જેમાંથી કેટલાક જોખમી છે. ધાતુના કચરાની આયાત વાર્ષિક કેટલાક લાખ  ટન થઇ છે, પીસીવી કચરાની આયાત જે ૧૯૯૬-૯૭માં ૩૩ ટન હતી, તે વર્ષ ૨૦૦૮-૦૯માં વધીને ૧૨,૨૨૪ ટન થઇ.

પ્લાસ્ટિક કચરાની આયાત ૨૦૦૩-૦૪માં ૧૦૧,૩૧૨ ટનથી વધી ૨૦૦૮-૦૯માં ૪૬૫,૯૨૧ ટન થઇ. આમ પ્લાસ્ટિક કચરાનો કુલ વધારો ચાર ગણાથી વધુ થયો છે. પેપ્સીકો

અને હિન્દુસ્તાન લીવર જેવા મોટા વ્યાપારીઓ પણ ઘણીવાર ગુનેગારો લાગે છે.

કમ્પ્યુટર અને ઈલેક્ટ્રોનિક ઉદ્યોગોના કારણે આયાતી કચરાના પ્રમાણમાં વધારો થયો છે. કચરાના પ્રશ્નો પર કાર્ય કરતી એક બિન-સરકારી સંસ્થા, ટોક્ષિક લીંક, દ્વારા થયેલી એક તપાસ અનુસાર દિલ્હીના પુનઃઉત્પાદ્ય એકમોમાં લગભગ ૭૦ ટકા વિજાણુ કચરો ઔદ્યોગિક દેશો દ્વારા ભારતમાં લાદેલ છે.

## ઉપભોક્તાવાદ અને કચરો

ભારતના અલ્પ ઉચ્ચ સમૂહોમાં આડંબરી ઉપભોક્તાવાદના સંપ્રત પ્રવાહો જોવા મળે છે. તેના પાયામાં વિદેશી વપરાશી વસ્તુઓ માટેની તીવ્ર આકાંક્ષા છે. ૧૯૮૦માં પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ આયાતી ક્ષેત્રની શરૂઆત કરી, પરંતુ ઉપભોક્તાવાદનું મોટું દબાણ આર્થિક સુધારાઓની શરૂઆત પછી આવ્યું છે.

વૈભવી વસ્તુઓના ઉત્પાદનમાં ઝડપી વધારાએ મોટા પારિસ્થિતિકી પ્રભાવ સર્જ્યા છે. આ પ્રક્રિયામાં સંસાધનના ખનન (ખનન, વૃક્ષછેદન વગેરે)થી ઉત્પાદન સુધી અનેકવિધ દુષ્પરિણામ સામે આવે છે (પ્રદુષણ, જોખમી કચરો વગેરે). ઉર્જા સંશોધન સંસ્થાના (TERI) અહેવાલ અનુસાર વપરાશી વસ્તુના ઉત્પાદનમાં પુનઃઅપ્રાપ્ય કાચામાલનો (જેમકે ખનીજો), ઔદ્યોગિક વપરાશી વસ્તુઓ (ફ્રીજ અને એર-કન્ડિશનર જેવા CFCના ઉત્સર્જન દ્વારા પર્યાવરણીય પર પ્રત્યક્ષ પ્રભાવ પાડતા સાધનો), વાહનવ્યવહારના સાધનો વગેરેનો વપરાશ વધ્યો છે. આ માત્ર વસ્તીવધારાનું પરિણામ નથી, પરંતુ તે ઉપરાંત જીવનશૈલી પરિવર્તનના અને વધુ ભોગના હક્કનું પરિણામ છે. દાખલા તરીકે ગ્રાહકો છૂટક વસ્તુઓ કરતાં પેકીંગની વસ્તુ વધુ પસંદ કરતા થયા છે. TERIના અંદાજ મુજબ પેકિંગ કરવાના કાગળનો માથાદીઠ વાર્ષિક વપરાશ ૧૯૯૭માં ૨.૭ કિલો હતો, તે વર્ષ ૨૦૪૭માં ૧૩.૫ કિલો થશે. વિજાણુ કચરાનો અસાધારણ વધારો છેલ્લા બે અઢી દાયકામાં થયેલો. વર્ષ ૨૦૦૫માં તે અંદાજે ૧,૪૬,૧૮૦ ટન હતો, જે વર્ષ ૨૦૧૨માં ૮૦૦,૦૦૦ ટનથી વધુ થશે.

ભારતવાસીઓના જીવનમાં પ્લાસ્ટિકનો અકલ્પનીય પ્રવેશ થયો છે.. ૧૯૯૧માં દેશમાં જુદા જુદા સ્વરૂપના પ્લાસ્ટિકની ઉત્પાદન ક્ષમતા ૧૦ લાખ ટનથી ઓછી હતી, તે અત્યારે ૫૦ લાખ ટન કરતાં પણ વધુ વધી છે. ૨૦૦૦-૦૧માં ભારતમાં પ્રતિદિન ૫,૪૦૦ ટન એટલે કે વાર્ષિક લગભગ ૨૦ લાખ ટન પ્લાસ્ટિક કચરો સર્જાતો હતો (હાલના આંકડા ઉપલબ્ધ નથી).

## વપરાશમાં અસમતા

૨૦૦૭માં ગ્રીનપીસ ઇન્ડિયાએ ‘ભારતમાં હવામાન પરિવર્તનના પ્રશ્નો’ અંગે અહેવાલ બહાર પાડયો હતો. તેમાં દર્શાવ્યા અનુસાર ભારતના અતિ કાર્બન ઉત્સર્જન માટે કુલ વસ્તીના ખૂબ ઓછા ટકા વસ્તી જવાબદાર છે. પરંતુ ભારતીય જનસંખ્યાના નીચા ઉત્સર્જનના કારણે પરિણમેલા માથાદીઠ ઉત્સર્જનના નીચા પ્રમાણે આ સત્યને છૂપાવ્યું હતું. અહેવાલમાં બહાર આવ્યું છે કે ધનિકો (માસિક આવક રૂ. ૩૦,૦૦૦થી વધુ) દ્વારા કરાતું માથાદીઠ ઉત્સર્જન ગરીબો (રૂ. ૩,૦૦૦થી ઓછી માસિક આવક ધરાવતા ભારતની કુલ વસ્તીના અડધાથી વધુ) દ્વારા કરતાં માથાદીઠ ઉત્સર્જન કરતાં ૪.૫ ગણું વધારે છે. બીજા ૧૫ કરોડ ભારતીયો જે પ્રતિ માસ રૂ.૮,૦૦૦થી વધુ આવક મેળવે છે, તે માથાદીઠ ૨.૫ ટનના

વૈશ્વિક માથાદીઠ પ્રમાણ કરતા વધારે ઉત્સર્જન કરે છે. વૈજ્ઞાનિકોના મતે જો તાપમાનમાં બે અંશ સેલ્સિયસ કરતાં ઓછો વધારો કરવો હોય, તો વ્યક્તિદીઠ ઉત્સર્જન સ્તરને આથી વધુ વધારી શકાય નહી, આ બાબત ધ્યાનમાં લેવી જરૂરી છે. અલબત્ત, સામાન્ય પ્રકાશવ્યવસ્થા, પંખા અને ટીવી સહુ માટે સામાન્ય છે (જોકે ધનિકોમાં તેનો વપરાશ ઘણો વધારે છે). પરંતુ કેટલાંક ઉપકરણો ધનિક ઉચ્ચ કુટુંબોમાં જ જોવા મળે છે, જેમકે વાતાનુકૂલિત યંત્ર, કપડા ધોવાનું યંત્ર, પાણી ગરમ કરવાનું યંત્ર, રસોડામાં વીજળીથી ચાલતા ઉપકરણો, ડીવીડી પ્લેયર, કમ્પ્યુટર વગેરે. ઉપરાંત અશ્મિજન્ય ઉર્જાને વાપરતા વાહનનો ઘણો વધુ ઉપયોગ, જેમાં ખૂબ ગેસ વપરાતી મોટરગાડીઓ, વિમાનો આમેજ કરેલ છે આ ધનિકોના વપરાશનું ચિત્ર છે.

કાર્બન ઉત્સર્જન તો ઉપભોગમાં અસમાનતાનો એક માપદંડ છે. જો તેમાં અન્ય ઉત્પાદનો અને સેવાઓને કે ધનિકો જે વાપરે છે, તેને પણ જોડીએ અને પછી જોઈએ કે તે કેટલો કચરો બહાર ફેંકે છે, તો સાચું ચિત્ર મળી શકે. ઉપરાંત તેમના વ્યવહારનો પારિસ્થિતિકી વ્યવસ્થા પરનો પ્રભાવ ગરીબોના પારિસ્થિતિકી પ્રભાવ કરતા વધુ ભયાનક જણાશે.

## આંતરિક ઉદારીકરણ: સહુ માટે મોકળાશ ભણી?

વિશ્વના અન્ય ઔદ્યોગિક દેશો ઉદ્યોગ અને 'વિકાસ'ના કાર્યક્રમો ઉપર નિયંત્રણ અને પર્યાવરણીય ધોરણોને વધુ કડક બનાવવાની પ્રક્રિયા તરફ ગયા છે. તેની પાછળ એક સામાન્ય કારણ છે કે પ્રકલ્પના માલિકો અને વ્યાપારી એકમો તેઓની સામાજિક અને પર્યાવરણીય જવાબદારીને યોગ્ય રીતે નિભાવતા નથી. જયારે ભારતમાં આ પ્રક્રિયા અવળી થઇ રહી છે.

૧૯૮૬ પર્યાવરણ સંરક્ષણ કાયદા હેઠળ, ૧૯૯૪માં એક જાહેરનામું બહાર પાડ્યું હતું. તેના દ્વારા ચોક્કસ પ્રકલ્પો માટે પર્યાવરણીય પ્રભાવ મૂલ્યાંકન ફરજિયાત બનાવાયું હતું. અલબત્ત, આ જાહેરનામું નબળું હતું, અને વિવિધ પ્રકારના પ્રકલ્પોના પ્રયોજનમાં નિષ્ફળ રહ્યું. તેમ છતાં, 'વિકાસ'ના આયોજનમાં કેટલાક અંશે પર્યાવરણીય સંવેદનશીલતા લાવી શકાઈ. ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ અને 'વિકાસ'ના અર્થશાસ્ત્રીઓ દ્વારા તેને અડચણ અથવા દૂષણ તરીકે પણ જોવાયું. ભારત સરકાર દ્વારા નિયુક્ત સમિતિના જણાવ્યા અનુસાર પર્યાવરણીય દિવાલ રૂપી આડશને ઘટાડવાની જરૂર હતી. પર્યાવરણીય પ્રભાવ મૂલ્યાંકનની વિશ્વબેંક અનુદાનિત પ્રક્રિયામાં પણ આ અને અન્ય અંકુશોમાં સુધારા માટે સલાહ અપાઈ હતી. પરિણામે ૨૦૦૬માં

નાગરિક સમાજના નોંધપાત્ર વિરોધ છતાં, સરકારે આ જાહેરનામામાં પરિવર્તન કર્યું. આના કારણે ઉદ્યોગો અને 'વિકાસ'ના પ્રકલ્પો માટે મંજૂરી મેળવવી સરળ થઇ ગઈ અને ફરજિયાત જાહેર સુનાવણીની કાર્યવાહી નબળી પડી. જયારે ઘણી જગ્યાઓએ પ્રવાસન નિયંત્રણ



બહાર જઇ ચૂક્યું હોવાના અનુભવ છતાં જાહેરનામામાં પ્રવાસનને પર્યાવરણીય સંમતિની આવશ્યકતા ધરાવતા પ્રકલ્પોની યાદીમાંથી બહાર લઇ જવાયું.

આ પરિવર્તનના પરિણામે (અને આ પ્રકરણમાં નિર્દિષ્ટ અન્ય પરિવર્તનોનાં કારણે) પર્યાવરણીય પ્રભાવ અને પર્યાવરણીય સંમતિ મેળવતા ઉદ્યોગોની સંખ્યામાં વધારો થયો. કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન વિભાગ (MoEF) માટે પ્રકલ્પોના પર્યાવરણ પરના પ્રભાવ અથવા પ્રયોજનને બારીકાઈથી તપાસવા અશક્ય બન્યા. વર્ષ ૨૦૦૯ સુધી પર્યાવરણ અને વન વિભાગે ૬,000થી વધુ પ્રકલ્પો તપાસ્યા, કામ માટે માત્ર ૨૦ કર્મચારીઓ હતા. પર્યાવરણીય સંમતિ મેળવેલ પ્રકલ્પની તપાસ ૩ થી ૪ વર્ષમાં માત્ર એક જ વાર થાય છે.

પર્યાવરણીય નિયમો ઉપરની વૈશ્વિકીકરણની અસર સ્પષ્ટ રીતે ત્યારે જોઈ શકાય જયારે આપણે ૧૯૮૦નો જંગલ સંરક્ષણનો કાયદો (જંગલ હેઠળની જમીનને બિન-જંગલ વપરાશ માટે કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ સંમતિ વગર વાપરી શકાય નહી) તપાસીએ. આ કાયદો જંગલ સંરક્ષણ કાયદો બન્યો. ખનન પ્રવૃત્તિના કિસ્સાની જેમ આમાં પણ જોવા મળ્યું હતું કે વૈશ્વિકીકરણના તબક્કામાં જંગલ હેઠળની જમીનનું અન્ય વપરાશ માટે ઝડપથી પરિવર્તન થઇ રહ્યું છે. વર્ષ ૧૯૮૦-૮૧થી જંગલ હેઠળની જમીનનાં પરિવર્તનની શરૂઆત થઇ. પરંતુ તેમાંથી અડધું તો વર્ષ ૨૦૦૧-૦૨ પછી જ થયું.

૧૯૯૧માં સમુદ્રી નિયમન ક્ષેત્ર (CRZ) અંગેનું જાહેરનામાને ૧૯૮૬ના પર્યાવરણ સંરક્ષણ કાયદા હેઠળ પારિસ્થિતિકી અને રોજગારીના હક્કને નુકસાનકારક પ્રવૃત્તિને નિયંત્રિત કરવા બહાર પાડવામાં આવ્યું હતું. જો કે તે સંપૂર્ણ યોગ્ય ન હતું. તેમ છતાં મોટા ભાગના રાજયો દ્વારા જુદી જુદી રીતે તેનું પ્રયોજન થયું. તેમ છતાં આ જાહેરનામુ ઘણા સમુદ્રી વિસ્તારો અને માછીમારી સમુદાયોની આજીવિકાના સંરક્ષણ માટે ઉપયોગી બન્યું છે. પરંતુ આ જ બાબત ચાલુ ઔદ્યોગિક અને વ્યાપારી એકમોના લાભ માટે અવરોધરૂપ થયી છે અને તેઓના દબાણના પરિણામે સરકારે મૂળ જાહેરનામામાં આશરે ૨૦ જેટલા પરિવર્તન કર્યાં. ત્યાર બાદ ૨૦૦૫-૦૬માં સરકારે દાખલ કરેલ ઠરાવને રજૂ કરી જાહેરનામાને સંપૂર્ણ રીતે બદલી નાખ્યું. સમુદ્રના જુદા જુદા ક્ષેત્રોમાં શું હશે અને શું નહી હોય તેની મંજૂરી રાજયની સરકારો નિશ્ચિત કરી શકે તેવી દરખાસ્ત મુકાઇ. સમુદ્રીસમાજ સંગઠનો અને માછીમારી સમુદાયો (રાષ્ટ્રીય મત્સ્ય કાર્યકરો જેવા નેટવર્ક) દ્વારા આ દરખાસ્તની કેટલીક ટીકા થઇ કેમ કે આ તો વ્યાપારી અને ઔદ્યોગિક સ્વાર્થની સામે સંપૂર્ણ હારની નિશાની છે.

વૈશ્વિકીકરણના સમયમાં સૌથી વધુ પ્રસિદ્ધિ પ્રવાસનને મળી છે. વર્ષ ૧૯૯૬માં આશરે ૧૪ કરોડ સ્થાનિક પ્રવાસીઓમાંથી આ આંક ૨૦૦૭માં ચાર ગણો વધી ૫૨.૭ કરોડ થયો હતો. આ જ સમયમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યા ૨૨.૯ લાખથી વધીને ૫૦.૮ લાખ થઇ.

ભારતમાં મુલાકાત માટે જે વિસ્તારો પ્રતિબંધિત હતા, તેમાંના કેટલાંક છેલ્લા થોડા વર્ષોમાં પ્રવાસન માટે ખુલ્લા મુકાયા. જેમ કે લડાખ, આંદાબાર-નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ અને ઉત્તર-પૂર્વ ભારતના ઘણા ભાગો, અન્ય વિસ્તારો કે જે પારિસ્થિતિકી, સંસ્કૃતિક અને

યોજનાકીય રીતે સંવેદનશીલ હોય તે વૈશ્વિકીકરણ પછી ખુલ્યા છે. વૈશ્વિકીકરણ પહેલા જે પ્રવાસન માટે ખુલ્લા હતા, તે વિસ્તારો અનિયંત્રિત પ્રવાસન પ્રવૃત્તિઓના કારણે અનેક જટિલ પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં પ્રવાસન ઉદ્યોગ દ્વારા કાયદા ઉલ્લંઘનના ઘણા કિસ્સા નોંધાયા છે. દા.ત દરિયાકિનારાના પ્રવાસનધામો દ્વારા CRZ જાહેરનામાનો ભંગ (માત્ર કેરળના કોવાલ્લમ કિનારા પર જ ૧૫૦૦થી વધુ કિસ્સા છે). વાઘ માટેના અને અન્ય આરક્ષિત વિસ્તારો જેમકે કાન્હા, બાંધવગઢ, કોર્બેટ, પેરિયાર, રણથંભોર, બાંદીપુર અને નાગરહોલ વિસ્તારો પ્રવાસીગૃહોથી છવાઇ ગયા છે, તેને કારણે આરક્ષિત ક્ષેત્રોની સુવિધાઓ અને આરક્ષિત જીવસૃષ્ટિ પર ખૂબ મોટા પ્રમાણમાં દબાણ આવ્યાં છે. કેટલીક વાર આ કાયદાઓ અને નિયમોની પાછળનો હેતુ પ્રવાસનની અસરને ઓછી કરવાનો અને અનામત ક્ષેત્રોને જાળવણી પૂરી પાડવાનો હોય છે. પરંતુ તે સાર્થક નીવડતો નથી.

ભારતના મધ્યભાગમાં સ્થિત વિશાળ વિસ્તાર જ્યાં. દેશના કેટલાક સૌથી વધુ સંવેદનશીલ સમુદાયોના નિવાસ અને કેટલાક શ્રેષ્ઠ જંગલો છે તેને ખનન પ્રવૃત્તિ, લોખંડ ઉદ્યોગ અને અન્ય ઔદ્યોગિક પ્રવૃત્તિ માટે ઔદ્યોગિક એકમોને ભાડે અપાય (યોજના તૈયાર કરી છે) છે, જેનો આદિવાસીઓ દ્વારા વિરોધ થાય છે.

નક્સલ અથવા માઓવાદી જૂથોના નામે જાણીતા આદિવાસીઓ પોતાના કબજા હેઠળના વિસ્તારોમાં આવી કોઈપણ યોજનાઓ માટે છૂટ આપતા નથી. પરિણામે કોઈ પણ યોજના સાકાર થઇ નથી. રાજ્ય સરકાર જેને નક્સલવાદી યુદ્ધનું નામ આપે છે તે માલિકીમાં પરિવર્તનની વિરુદ્ધ કેટલાક આદિવાસીઓએ ઉઠાવેલા શસ્ત્રો છે. સાલ્વા જુડુમ (શાંતિપૂર્ણ શિકાર) દ્વારા ગૃહયુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી, જેમાં અનેક ગ્રામવાસીઓઓ પર બળપૂર્વક અથવા દબાણપૂર્વક દૂર કરાયા.

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયની ઉચ્ચસ્તરની એક સમિતિએ દર્શાવ્યું હતું કે 'જંગલની જમીનને પડાવી લેવામાં એસ્સાર અને તાતા જેવા મોટા વ્યાપારી જૂથોએ કરેલી લૂંટ કોલમ્બસ પછીની જમીનની સૌથી મોટી લૂંટ છે.' પરંતુ તેના અંતિમ અહેવાલમાં આ સમગ્ર વાક્યરચના અને સંબંધિત વ્યાપારી ગૃહોના નામ બન્નેને દુર કરાયા. આ દરમિયાન ફિક્કીએ (ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી – FICCI)



નવેમ્બર ૨૦૦૯માં બહાર પડેલ એક અહેવાલ 'રાષ્ટ્રીય સંરક્ષણ અને આતંકવાદ'માં એક પ્રચ્છન્ન દલીલ કરી છે એ કે વ્યાપારી નિગમો દ્વારા શોષણ માટે મધ્ય ભારતને વધુ ખોલ્યું છે.

તેમાં નિર્દિષ્ટ છે કે "ખનીજથી સમૃદ્ધ વિસ્તારોમાં માઓવાદીઓનો વધતો બળવો ઔદ્યોગિક મૂડીરોકાણની કેટલીક યોજનાઓને તાત્કાલિક નુકસાન પહોચાડી શકે. વૃદ્ધિને સંચિત કરવા જયારે ભારતની જરૂરિયાત તેના ઔદ્યોગિક સાહસોને ઝડપથી વિસ્તારવાની છે, અને વિદેશી પેઢીઓ પણ તેમાં જોડવા તૈયાર છે ત્યારે નક્સલવાદીઓ જેની સાથે સંઘર્ષ કરે છે તે ખનન પ્રવૃત્તિ અને લોખંડના એકમો ભારતના લાંબાગાળાની સફળતા માટે આવશ્યક છે .' 'ભયની સૂચના માટેના અપાતા સંકેતોના અન્ય કારણો એ છે કે નક્સલવાદીઓની માલિકી હેઠળના જંગલો અને વ્યાપારી જગત એક બીજાની નજીક આવી રહ્યા છે. ભારતના શહેરી ધનાઢ્ય ગ્રાહકોએ વાહનો, ઉપકરણો અને મકાનોની ખરીદી શરૂ કરી છે અને તેઓ દેશના રસ્તા, પુલો અને રેલ્વેમાં સુધારાની માંગ કરી રહ્યા છે. ભારતીય ઉત્પાદન ક્ષેત્રે પુરવઠો પૂરો પાડીને ગ્રાહકોને સંતોષવા માટે દેશની સિમેન્ટ, લોખંડ અને વીજળી જેવી જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં મેળવવાનો છે. આ રાષ્ટ્રીય પડકારને ઝિલવા માટે યોગ્ય સામાજિક અને આર્થિક વાતાવરણની જરૂરિયાત છે. આ ઉપરાંત નક્સલવાદીઓ સાથે સંઘર્ષ ચાલે છે તે છત્તિસગઢ નક્સલવાદી પ્રવૃત્તિઓનું એક સક્રિય સ્થાન છે, જ્યાં ભારતના ૨૩ ટકા લોખંડ અને વિપુલ કોલસો છે. રાજ્ય સરકારે ટાટા સ્ટીલ, આરસેલર મિત્તલ, ડી બિયર્સ કન્સોલેટેડ માઈન્સ, બીએચપી બિલ્ટન અને રીઓ ટીંટો સાથે અરબો ડોલરના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. અન્ય રાજયોમાં પણ આ પ્રકારના કરારો થયા છે. આ ઉપરાંત અમેરિકાની કેટરપીલર(cat) જેવી પેઢીઓ પૂર્વ ભારતના ખનન કરતા એકમોને પોતાની સાધનસામગ્રી વેચવા ઈચ્છી રહી છે'.

## બિનસંપોષિતપણા તરફ ગતિ?

છેલ્લા કેટલાક દસકામાં ભારત પર્યાવરણને જે રીતે વાપરી રહ્યું છે તેને પર્યાવરણવિદો અને સામાજિક કાર્યશીલો ચેતવી રહ્યા છે કે "વિકાસ"નો જે રસ્તો ભારતે અપનાવ્યો છે તે બિનસંપોષિત છે. નિદર્શન અને અનુભવમાંથી બહાર આવેલ આ તારણને વૈશ્વિક પદચિહ્ન નેટવર્ક (Global Footprint Network - GFN) અને ભારતીય ઔદ્યોગિક સમૂહ (Confederation of Indian Industries - CII) દ્વારા ૨૦૦૮માં બહાર પાડેલ અહેવાલમાં સમર્થન આપ્યું છે. આ હેવાલમાં જણાવાયું છે કે :

*ભારત અમેરિકા અને ચીન બાદનો વિશ્વનો ત્રીજો મોટો પારિસ્થિતિકી પદચિહ્નો ધરાવતો દેશ છે.

*ભારતીયો પોતાના કુદરતી સંસાધનોને જૈવિક ક્ષમતા કરતા બે ગણા વધુ વાપરે છે.

*ભારતીયો પ્રાકૃતિક સંપોષણની ક્ષમતાને તીવ્રતાથી ઘટાડી રહ્યા છે. છેલ્લા ચાર દસકામાં તે લગભગ અડધી થઇ ગઈ છે.

ટાટા ઉર્જા અને સંસાધન સંસ્થાનના (TERI - Tata Energy and Resource Institute) ૧૯૯૧ના અભ્યાસ અનુસાર ભારતમાં પર્યાવરણીય ખર્ચ કૃષિ ઉત્પાદકતાના ઘટાડા, કિંમતી લાકડાના ઘટાડા, જંગલના ઘટાડાની ચૂકવણી, સ્વાસ્થ્ય પાછળના ખર્ચ, પ્રદૂષિત

જળની ચૂકવણી, તેમ જ હવા અને જળસંસાધનોના ઘટાડાની ચૂકવણીના પરિણામ રૂપ રાષ્ટ્રીય આવકના દસ ટકાથી વધુ વધ્યું છે. વળી જમીનધોવાણના કારણે કૃષિ ઉત્પાદનમાં ૧૧થી ૨૬ ટકાનો વાર્ષિક ઘટાડો થઇ રહ્યો છે.

ભારતમાં ઊર્જાના દ્રશ્યમાન ચિત્રના આધારે બનેલ અહેવાલમાં કેટલુંક સકારાત્મક વિશ્લેષણ પણ જોવા મળે છે. "'ભારતીય અર્થતંત્ર કાર્બનની નીચી વૃદ્ધિના કેટલાક તંદુરસ્ત લક્ષણો દર્શાવે છે. તેની કુલ ઊર્જાની રચના અને કાર્બનની તીવ્રતા ચીનની સરખામણીમાં ઓછા અને અમેરિકાની બરાબર છે.' તેમ છતાં અહેવાલમાં તારવેલું છે કે, 'છતાં પણ આ ચિહ્નો સમતુલાના નથી ભારતે અપનાવેલ રસ્તો સંતુલિત અને સંપોષિત 'વિકાસ' તરફનો નથી.' વૃદ્ધિ ખુબ અસમતોલ છે, વસ્તીનો મોટો ભાગ પછાત જીવન જીવે છે. ઊર્જાક્ષેત્રની કાર્બન તીવ્રતા ઓછી હોવાનું કારણ વહેચણીની વ્યવસ્થાઓ અને કોલસા આધારિત બિનકાર્યક્ષમ ટેકનોલોજી છે. તેમ છતાં તે વિશ્વમાં સૌથી વધુ પ્રદુષિતોમાં એક છે.

## તાપમાન પરિવર્તન: પ્રભાવ અને પ્રતિભાવ

૧૯૮૦ના પ્રારંભના તબક્કાથી દક્ષિણના દેશો પર આર્થિક વૈશ્વિકીકરણનો પ્રભાવ વધવાની સાથે પ્રદૂષણમાં નોંધપાત્ર વધારો અને તાપમાનમાં પરિવર્તન જોવા મળ્યા. પરિણામે આમાંની કેટલીક દૃશ્યમાન પ્રભાવનો ભારત પણ સામનો કરશે. બાવીસમી સદીની શરૂઆતમાં જ સમુદ્રીસ્તરમાં એક મીટરનો વધારો થઇ ગયો હશે. પ્રચંડ પૂરના કારણે પ્રભાવિત લગભગ ૫,૭૬૪ ચોરસ કિલો મીટર વિસ્તારમાં વસતા ૭૦ લાખથી વધુ લોકોને સ્થળાંતરિત કરવા પડશે. વરસાદની તરાહમાં પરિવર્તન થશે, કુલ વરસાદમાં વધારો થશે, પરંતુ ઘણા વિસ્તારોમાં વરસાદના દિવસોમાં અને પ્રમાણમાં ઘટાડો થશે. તેના કારણે ભયંકર પૂર અને દુષ્કાળોની સ્થિતિ સર્જાશે. ઘણા અભ્યાસો અનુસાર તાપમાનમાં વધારો થવાથી અનાજનું ઉત્પાદન ઘટશે (કેટલાક પાકોમાં ૨૦ ટકાથી પણ વધુ). દરિયાઈ પાણીના તાપમાનમાં પરિવર્તનના કારણે સમુદ્રના ઉત્પાદનને અસર પહોચશે, પરવાળાની સમૃદ્ધ વ્યવસ્થા નાશ પામશે અને મત્સ્ય હિલચાલમાં પરિવર્તનના કારણે માછીમારોના વ્યવસાયમાં મુશ્કેલી સર્જાશે.

વૈશ્વિક કક્ષાએ ભારત સરકાર ઉત્તરના દેશો (વિકસિત દેશો) પાસેથી જવાબદારી અને તેની પ્રતિક્રિયાની માંગ કરતી રહી છે અને તે એક ન્યાયી રીત છે, પરંતુ બીજી તરફ તેની સ્થાનિક નીતિ નબળી રહી છે. ૨૦૦૯માં તાપમાન પરિવર્તન પર રાષ્ટ્રીય પ્રવૃત્તિ કાર્યયોજના (NAPCC) બહાર પડાઇ હતી, તેના કેટલાંક ઘટકો પ્રશંસનીય હતા: જેમ કે સૌરઊર્જાને પ્રાધાન્ય અને ઊર્જાની કાર્યક્ષમતા અંગે નિષ્ઠાવાન કાર્યક્રમ, પરંતુ તેમાં વિભાવના અને અમલીકરણને લગતા કેટલાક પ્રશ્નો રહેલા હતા (દા.ત માત્ર સૌરઊર્જા પર ધ્યાન કેન્દ્રિત કરાયું અને અન્ય પુનઃઅપ્રાપ્ય સ્રોતો પર નહી. વિકેન્દ્રિત ઊર્જા ઉત્પાદન પર થોડો ભાર અપાયો હતો અને ઊર્જા કાર્યક્ષમતામાં કેટલાંક ક્ષેત્રો ચૂકી જવાયા). કેટલાંક અન્ય ઘટકો (દા.ત સંપોષિત ખેતી અને પાણી ઉપરના કાર્યક્રમો) ટેકણલાકડી જેવા છે. સાહસિકતા અને પદ્ધતિ બહારની નીતિઓ કે ચોકઠાથી બહારની વિચારસરણીઓ જોવા મળતી નથી. પાણીના કાર્યક્રમમાં મોટા બંધો પરના આધારને ચાલુ રખાયો, તેમના પારિસ્થિતિકી અને સામાજિક

ખર્ચને સંપૂર્ણપણે અવગણાયાં, કૃષિક્ષેત્રમાં ભારતના તાપમાન પ્રદૂષણ માટે લગભગ ૬ ટકા જવાબદાર તેવા રાસાયણિક ખાતરો તરફથી સેન્દ્રીય ખાતર તરફ જવાની મોટી શક્યતા છે, જે હજુ ઘણી દૂર છે (આ કાર્યક્રમ હજુ વિકસી રહ્યો છે). અતિ ધનિકોના ખોટા ઉપભોક્તાવાદ અને વિવિધ ક્ષેત્રોમાંની ભારતીય વસ્તીના સંસાધનોના વપરાશમા કેટલો અન્યાય છે તે અંગેની અસમાનતાઓનો ક્યાંય નિર્દેશ નથી અથવા ખૂબ ઓછો છે. NAPCCએ કાચો અહેવાલ ઘડેલ અને હાલમાં તેના સ્વતંત્ર કાર્યક્રમો દ્વારા પણ સંશોધન થઇ રહ્યા છે, પરંતુ એકાદ કાર્યક્રમન અપવાદ સિવાય ન તો એમાં સામાન્ય નાગરિકોની સલાહ લેવાય છે કે ન તેમાં કોઈપણ જાતની પારદર્શકતા છે.

## બહુવિધ અછત: અનાજ, પાણી અને રોજગારી

ભારતીય વસ્તીનું મોટું પ્રમાણ અને કેટલાક વિસ્તારો ગંભીર અને બહુવિધ અછતો તરફ જઈ રહ્યાં છે. અનાજની અનિશ્ચિતતા, પાણીની અછત, બળતણની અપ્રાપ્યતા અને મર્યાદિત વૈકલ્પિક વિકલ્પો સાથે આજીવિકામાં વિસ્થાપન આ બધા જ પ્રશ્નો વર્તમાન તબક્કાના વૈશ્વિકીકરણ અને "વિકાસ"ના આધુનિક ખ્યાલ પૂર્વે પણ હતા જ. વૈશ્વિકીકરણ અને "વિકાસ"નો ચોક્કસ હેતુ તેને ઘટાડવાનો હતો, પરંતુ તેથી ઉલટુ થયું. ઘણા લોકો અને પ્રદેશો માટે આ પ્રશ્નો વધુ ઉગ્ર બન્યા.

અનાજની અછતના સંદર્ભમાં જોઈએ તો અનાજ ન મેળવી શકતી વસ્તીની ટકાવારી ૧૯૯૦ના દસકમાં ૨૪ હતી, જે ૨૦૦૪-૦૫માં ઘટીને ૨૨ થઇ. બીજા શબ્દોમાં સીમાંત ઘટાડો થયો, ઉપરાંત એ પણ સત્ય છે કે ભારત દુનિયાની સહુથી વધુ કુપોષિત વસ્તીની સંખ્યા ધરાવતો દેશ છે. અનાજ અને કૃષિ સંગઠન (FAO) અનુસાર ૨૦૦૪-૦૬ના સમયમાં અંદાજિત કુપોષિત વસ્તી ૨૫.૧ કરોડ હતી, જે પ્રમાણ દેશની ચોથા ભાગની વસ્તીથી થોડું જ ઓછું હતું. ભારતના અનાજ નિગમમાં ધાન્યના પુરવઠા સાથે વિપુલ પ્રમાણમાં અનાજ પ્રાપ્ય છે, અને તે સતત ઊંચા પ્રમાણમાં ટક્યું છે. તેમ છતાં દર ચોથો ભારતીય ભૂખ્યો સુવે છે. આ લોકો કોણ છે જે ધાન્ય ખરીદી શકતા નથી અને જેની પાસે સરકાર દ્વારા પૂરી પડાતી કલ્યાણ યોજના પહોંચી શકી નથી? એકવીસમી સદીમાં અનાજની કિંમતોમાં ફુગાવાએ આ પરિસ્થિતિને વધુ ભયંકર બનાવી છે. ભારત ત્રીજી સદીના અંત પહેલાં જોશે કે આ બજારવાદી અર્થવ્યવસ્થામાં લાખો લોકો પારિસ્થિતિકી વ્યવસ્થાને બેહાલ બનાવશે અને કૃષિ આધારિત રોજગારીનું પ્રમાણ ખૂબ ઓછું હશે. પરિણામે માત્ર રોકડ સામેં અનાજ મેળવી શકાશે. કેટલાક પરંપરાગત પાકો અપ્રાપ્ય બનશે. પોષણના અગત્યના સ્રોત જેવા કે પરંપરાગત ખાદ્ય અને કઠોળ અથવા જંગલ અને જળપ્લાવિત જમીનમાંથી મળતા ખોરાકની પ્રાપ્યતા અને ખરીદવાની ક્ષમતા પણ ઘટી રહી છે. (દા.ત ૧૯૯૦થી માથાદીઠ કઠોળની પ્રાપ્યતા ૨૬ ટકા ઘટી છે).


પાણીની અછત ગંભીર છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોના કરોડો લોકો માટે પીવાનું પર્યાપ્ત પાણી મેળવવું એક દૈનિક સંઘર્ષ બન્યો છે. તેનું કારણ જળપ્લાવિત વિસ્તારોની સપાટી અને પાણીના અન્ય સંગ્રહસ્થાનોનું અયોગ્ય વ્યવસ્થાપન, વરસાદી પાણીને જમીનમાં ઉતારતા વિસ્તારોમાં થતો ઘટાડો, વારંવાર પડતા દુષ્કાળો, વસ્તીનું વધુ પડતું કેન્દ્રીકરણ,

(શહેરોમાં) ભૂગર્ભ અને સપાટી પરના જળસ્રોતોના પ્રદૂષણ, હોઈ શકે. નીતિની નિષ્ફળતાના પાયામાં વગ ધરાવતી વ્યક્તિઓ અને નિગમો દ્વારા તેનો ઉપભોગ (પ્રદૂષણ અને પાણીની કિંમતને સંબંધિત જળપ્લાવિત જમીન અને ભૂગર્ભ જળની જાળવણી અને વ્યવસ્થાપન) છે (દા.ત ભારતના ઘણા વિસ્તારોમાં કોકાકોલાના બોટગલિંગ એકમ છે, તેમણે સ્થાનિક સમુદાયોના સુરક્ષિત ભૂગર્ભ જળને નુકસાન પહોંચાડયું છે).

ભૂગર્ભ જળની સમસ્યા ચિંતાનો મુખ્ય વિષય છે કેમ કે ખેતી, ઉદ્યોગ અને શહેરી વપરાશ માટેના દોહનથી ભારતના ઘણા વિસ્તારોમાં પાણીના સ્તરમાં થયેલ ફેરફાર ખતરો સૂચવે છે. ભારતના ગ્રામીણ વિસ્તારોમાં ૫૦ ટકાથી વધુ ભૂગર્ભ જળ જેટલી ઝડપથી વપરાય છે એટલી ઝડપથી પુન:સંગ્રહિત થતું નથી. સંસદમાં પૂછાયેલ પ્રશ્નના જવાબમાં સરકારે કહેલું કે દેશના જિલ્લાઓમાં ૩૩ ટકા ભૂગર્ભ જળ પીવા માટે યોગ્ય નથી, કારણકે તેમાં ફ્લોરાઈડ, લોહ, સીસુ અને ક્ષારનો સ્તર ઘણો ઊંચો છે. ભારતમાં પાણીના કુલ વપરાશ (લગભગ ૭૫૦ અરબ ઘન મીટર) કરતા પાણીની હાલમાં પ્રાપ્ય ઓછી (લગભગ ૧૮૬૯ અરબ ઘન મીટર) છે, પરંતુ ૨૦૨૫ પછી તરત જ તેના સ્તરમાં ઘટાડો થશે અને ૨૦૫૦ સુધીમાં આ ઘટાડો તીવ્ર બનશે. આ પ્રમાણ માત્ર માનવીના ઉપયોગને ધ્યાનમાં લઈને છે, અન્ય પ્રજાતિ અને પારિસ્થિતિકી વ્યવસ્થાના અન્ય તમામ ઘટકોના પાણીના વપરાશને ધ્યાનમાં લેતાં જણાશે કે આપણે વર્તમાન સમયમાં પણ અછતની પરિસ્થિતિમાં છીએ.

અંતમાં, આ આજીવિકાની અથવા રોજગારીની અછત છે. પારિસ્થિતિકી વ્યવસ્થામાં ભંગાણ અને જમીન/પાણીના પ્રમાણમાં તીવ્ર ઘટાડાથી અથવા કુદરતી સંસાધનોના પરંપરાગત ઉપભોગમાં ઘટાડો થવાથી પરંપરાગત સ્વરોજગાર ધરાવતા સમુદાયો ઝડપથી અસરગ્રસ્ત થઇ રહ્યા છે (જેમ કે ખેડૂતો, માછીમારો વગેરે). આજે પણ તેમની આજીવિકા અથવા રોજગારીની ખોટનો વાસ્તવિક અંદાજ પ્રાપ્ય નથી. આ એ બાબતનો પુરાવો છે કે આ પ્રશ્નની કેટલી અવગણના થાય છે.

સૌથી વધુ ખરાબ અસર વિચરતી જાતિના લોકોને થઈ છે. તેઓના સ્થળાંતરના માર્ગોમાં અવરોધ આવ્યા છે, તેઓની જીવનશૈલી અને સંસ્કૃતિ હાંસિયામાં ધકેલાઇ છે, તેઓને બદનામ કરાયા અથવા તેમાંના અંગે ખોટાં અર્થઘટન કરાયાં અને તેઓની યુવા પેઢી અનેકવિધ પ્રભાવ હેઠળ અલગ દિશાએ વળી ગઈ. ભારતની માનવશાસ્ત્રીય મોજણીનો અંદાજ હતો કે ભારતમાં ભરવાડ ન હોય તેવા ઓછામાં ઓછા ૨૬૭ જેટલા વ્યવસાયો (વાર્તાકારો, મનોરંજકો, ધાર્મિક અને ભવાઈ કરનારા, વ્યાપારીઓ, માછીમારી, શિકાર કરનારા અને પકડનારા વગેરે) હતા. આ પૈકીના મોટા ભાગના ભયના આરે છે. કેટલાક સંપૂર્ણ નાશ પામ્યા છે અને જે લોકોએ આ રોજગારીમાંથી સ્થળાંતર કર્યું છે તે અનિશ્ચિત, હલકા, ઓછા વેતનવાળા, અસંગઠિત શ્રમના શોષણખોર ક્ષેત્રમાં સમાયા છે અથવા સામાન્ય બેકાર



બન્યા છે. દેશના લગભગ ૪કરોડ વિચરતા ભરવાડોમાંથી મોટા ભાગના લોકોની સ્થિતિ પણ આવી જ છે.

## શું પર્યાવરણને રાષ્ટ્રીય આયોજનમાં મુખ્ય પ્રવાહમાં લવાયું હતું?

મનમોહન સિહના કથન તરફ જો પાછા જઈએ તો જે પહેલેથી જ નાશ પામ્યું છે (દા.ત કેટલાક હજારો હેકટર કુદરતી જંગલની જમીન બંધ હેઠળ અપાઈ ચૂકી છે અથવા ઉદ્યોગોમાં અપાઈ ચૂકી છે) તેને પુન:સજીવ કરી શકાય કે નહી? મૂળભૂત પ્રશ્નો જુદી રીતે જોઈએ તો એમ પૂછી શકાય કે વૈશ્વિકીકરણના 'વિકાસે' પ્રશ્નો ઉભા કર્યા છે, તેના પ્રમાણમાં પર્યાવરણીય સંરક્ષણ માટેના ખર્ચમાં વિશેષ વધારો થાય છે? શું પર્યાવરણ આપણી આયોજન પ્રક્રિયાના કેન્દ્રમાં લાવી શકાય?

પર્યાવરણ અને વન મંત્રાલયને (MoEF) કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતા નાણામાં ૧૯૯૦થી સતત વધારો થયો છે (૧૯૯૫-૯૬માં રૂ. ૩૭૦ કરોડ હતા જે ૨૦૦૯-૧૦માં રૂ. ૧.૫૦૦ કરોડ થયા). આમ છતાં કુલ અંદાજપત્રમાં તેનું પ્રમાણ ૧ ટકાથી ઓછું હતું, હકીકતમાં અંદાજપત્રમાં ૨૦૦૪-૦૫થી તેનું પ્રમાણ ઘટી રહ્યું છે અને ૨૦૦૯-૧૦માં તે અત્યાર સુધીના કુલ અંદાજપત્રનું સૌથી ઓછું ૦.૩૬ ટકા હતું, ધ્યાનાકર્ષક એ છે કે કુલ અંદાજપત્રમાં આ જ સમયમાં (૧૯૯૫-૯૬થી ૨૦૦૯-૧૦ દરમ્યાન) પાંચ ગણો વધારો થયો હતો, જયારે પર્યાવરણ અને વન મંત્રાલયનું અંદાજપત્ર માત્ર ચાર ગણું વધ્યું હતું. એ સ્પષ્ટ છે કે જ્યાં સુધી સરકાર પર્યાવરણ માટે મોટા પ્રમાણમાં રકમ (દા.ત બિનપરંપરાગત ઊર્જા સ્રોત પાછળ થતો ખર્ચ) નહી ફાળવે, ત્યાં સુધી અંદાજપત્રમાં તેનો હિસ્સો માત્ર દેખાવનો જ વધશે.

ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી વાર્ષિક આર્થિક મોજણીમાં અર્થતંત્રના મુખ્ય વલણો અને આગામી વર્ષ માટેનું ચિત્ર પૂરૂં પાડવામાં આવે છે. તેમાં ૧૯૯૦થી પર્યાવરણનો વિભાગ ઉમેરવામાં આવ્યો છે, પરંતુ તેને મહત્વપૂર્ણ મનાતું નથી.



૨૦૦ પાનામાંથી માત્ર એકથી બે પાના તેને ફાળવવામાં આવે છે. જો કે તેમાં પણ પાણી, જમીન પ્રદૂષણ અને જંગલ સંબંધિત સમસ્યા અને વાસ્તવિક પરિસ્થિતિને ક્યારેક જ દર્શાવાય છે. વર્ષના મુખ્ય આર્થિક વિકાસ સાથે સાંકળીને તેને ક્યારેય દર્શાવવામાં આવતું નથી, દા.ત મોજણીના લેખક એ બાબતનું વિશ્લેષણ નથી લખતા કે આર્થિક વિકાસ પ્રક્રિયાનો પ્રભાવ પારસ્થિતિકી વ્યવસ્થાને લાભદાયક હતો કે નુકસાનકારક. એ જ રીતે ન ભાવિ આર્થિક વિકાસની પર્યાવરણીય નુકસાનની તપાસ થાય.

આમ છતાં 'સંપોષિત 'વિકાસ''ના ધ્યેય અંગે વારંવાર જાહેરાત કરાય છે, ત્યારે પણ એ જાણવા માટે આપણી પાસે કોઈ માપદંડ નથી કે શું આપણે તે ધ્યેય તરફ આગળ વધીએ છીએ ખરા?

### શું વૈશ્વિકીકરણ સમગ્ર પર્યાવરણ માટે લાભદાયક નથી?

નિ:શંકપણે વૈશ્વિકીકરણના અનેક પર્યાવરણીય લાભો છે: જેમકે પુનઃપ્રાપ્ય ઊર્જા, પ્રદૂષણ નિયંત્રણ, કાર્યક્ષમતા વગેરે સંબંધિત નવી ટેકનોલોજી આવી છે. વિજાણુ અને પ્રત્યાયન ક્ષેત્રમાં તેજીના કારણે વિચારો અને માહિતીનું ઝડપી આદાન-પ્રદાન શક્ય બન્યું છે, મોટા નિગમો પારિસ્થિતિકી દ્રષ્ટિએ સુરક્ષિત ટેકનોલોજી માટે વધુ સંસાધન ફાળવી શકે છે.

આ ઉદેશના કોઈ ચિહ્ન જોવા મળતા નથી કે વૈશ્વિકીકરણના આ લાભ તેના ગેરલાભ બરાબર છે કે નહી? જે કોઈ ગુણાત્મક અથવા પરિમાણાત્મક માપદંડો પ્રાપ્ત થાય છે તે અનુસાર દેશનું પારિસ્થિતિકી બિનસંપોષિતપણું અને દેશના લાખો નાગરિકોની પર્યાવરણીય અસુરક્ષિતતા વધી રહ્યાં છે, એવી નવી ટેકનોલોજી ઇષ્ટ છે કે જે પારિસ્થિતિકી નિષ્ફળતાને અવરોધે, પારિસ્થિતિકી નુકસાનની અસરોને ઓછી કરે અને મૂળભૂત રીતે વૈવિધ્ય ધરાવતા ક્રાંતિકારી સમાજમાં પરિવર્તન થવા માટે કેટલાક પગથિયાં પૂરાં પાડે. પરંતુ આવો સમાજ કેવો હશે? આર્થિક વૈશ્વિકીકરણનો વિકલ્પ શો છે?

## ગ) વિકલ્પ: ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહી

### (Redical Ecological Democracy - RED)

### ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહીનો પરિચય :

જો માનવસમાજનો સાચો ઉદ્દેશ ખુશી, સ્વતંત્રતા અને સફળતા હોય, તો અન્ય પ્રજાતિઓને છંછેડ્યા વગર અને અડધાથી વધુ માનવજાતને અલગ રાખ્યા વગર તેને પ્રાપ્ત કરવાના ઘણા રસ્તા છે. આ જેમ ભારતમાં લાગુ પાડી શકાય તેમ જ અન્ય દેશોમાં પણ. જો કે આ વિકલ્પો જુદા જુદા સ્થળે ખૂબ મોટા પ્રમાણમાં પારિસ્થિતિકી, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય સ્થિતિના આધારે વિકલ્પોમાં બદલાવ આવશે.

બૃહદ રીતે માનવી સારૂ સારી શરૂઆતના વૈકલ્પિક માળખાને ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહી કહી શકાય, જેમાં બધા જ નાગરિકો માનવસમાનતા અને પારિસ્થિતિકી સંપોષિતતાના સિદ્ધાંતો પર આધારિત નિર્ણયો લેવામાં ભાગીદાર થવા સમાન તક અને હક્ક ધરાવતા હોય એવી સામાજિક, રાજકીય અને આર્થિક વ્યવસ્થા.

જેના પર સમગ્ર જીવન આધારિત હોય તેવી પારિસ્થિતિકી વ્યવસ્થા અને પારિસ્થિતિકી કાર્યોનું અખંડિત સતતપણું પારિસ્થિતિકી સંપોષિતતા છે. તેમાં જૈવિક વૈવિધ્યની

જાળવણી જીવનનું સૌથી મોટો આધારબિંદુ હોય છે. માનવીય સમતાએ વાસ્તવમાં તકોની સમાનતા છે. ભાગીદારી અને વિકેન્દ્રીકરણના સિદ્ધાંતો સાથે નિર્ણયીકરણમાં વર્ગો, જ્ઞાતિ, ઉમર, જાતિ, સ્પર્ધા અને અન્ય વિભાજનોને અવગણી તમામને વિચાર વ્યક્ત કરવાનો સંપૂર્ણ હક્ક; માનવપ્રયાસના લાભોને માણવામાં અને વહેચવામાં સમાનતા અને સંસ્કૃતિક સુરક્ષા હોય છે. આની સાથે જોડાયેલ કેટલાક મૂળભૂત સિદ્ધાંતો અથવા મૂલ્યો છે, તેમને પ્રતિષ્ઠિત કરવાની જરૂર છેઃ વૈશ્વિકીકરણનાં એક જ પ્રકારના વલણોથી વિરુદ્ધ વૈવિધ્ય અને બહુમત; ગળાકાપ હરીફાઈ અને વ્યક્તિવાદથી વિપરીત સામાન્ય લોકોના સામૂહિક વ્યવસ્થાપન અને સહકાર; તમામ લોકો માટે પર્યાવરણીય જવાબદારીઓ અને માનવહક્કોની સ્પષ્ટતા, જેમાં બૌદ્ધિક શ્રમની શ્રેષ્ઠતાનો જ અસ્વીકાર હોય તેવા શ્રમની મહત્તા માત્ર;



ભૌતિકવાદના સંપૂર્ણ વિરોધની સાથે ખુશીની પ્રવૃત્તિમાં ગુણાત્મક અને પરિમાણાત્મક માર્ગોનું સંમિશ્રણ. માનવસંબંધો માટે તથા ઉપર જણાવેલા અવરોધક પરિબળો અને સમસ્યાઓ ઉકેલવાનો પરંપરાગત માર્ગ અહિંસા અને સાચી લોકશાહી છે,.

જેમાં તમામ લોકોને નિર્ણયીકરણમાં ભાગ લેવાની સમાન તક હોય અને માનવી સિવાયની પ્રજાતિઓ અને કુદરતના હક્ક માટે આદર હોય.

ઉપરના સિદ્ધાંતોની સાથે ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહી એ મનુષ્ય, માનવતા અને પ્રકૃતિ વચ્ચે સતત અને અરસપરસનો માનપૂર્ણ સંવાદ છે. અલબત્ત, આ એક જ ઉપાય અથવા બ્લુપ્રિન્ટ નથી, પરંતુ આમાં અનેક વિકલ્પો છે. આ અર્થપૂર્ણ વ્યવસ્થા ક્યારેક શ્રેષ્ઠ ગણાતી હતી, પરંતુ હાલમાં પ્રાચીન અથવા પુરાણી ઢબની ગણાય છે. આ વ્યવસ્થામાં નિભાવપાત્ર અર્થતંત્ર, સાટા વિનિમય, સ્થાનિક બજાર આધારિત વ્યાપાર, મૌખિક માહિતી, કામ અને મનોરંજનનું સંયુક્તપણું, માલિક તરીકે નહી પણ સાધન તરીકે યંત્ર, સ્થાનિક સ્વાસ્થ્ય પરંપરાઓ, હસ્તકલાઓ, માતાપિતા અને અન્ય વડીલો સાથે કામ દ્વારા શિક્ષણ, કચરા અને ઉડાઉગીરી પર અસંમતિ વગેરે સિદ્ધાંત આમેજ છે. એનો અર્થ એ નથી કે પરંપરાઓને બિનશરતી રીતે સ્વીકારી લેવી. વાસ્તવમાં પરંપરાગત ભારતમાં એવું ઘણું જરૂરી છે જેને પાછળ છોડી દેવું જોઈએ, પરંતુ ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહીને વસ્તુતઃ ભૂતકાળ સાથે એક ગણનાપાત્ર સંબંધની કલ્પના છે. આમાંના ઘણા અર્થપૂર્ણ વ્યવહારોની પુનઃખોજની પ્રક્રિયા વિસરાઈ ગયી છે. પરંપરાઓના ઉત્તમ પાયા ઉપર ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહીની

ઈમારત બની શકે. આ એ સ્વરૂપનું પુનરુત્થાન નથી, જેની ભારતના કટ્ટરપંથી હિન્દુઓ અહમયુક્ત વાત કરે છે આપણે પરંપરાઓને એવા લોકોના ચુંગાલમાંથી છોડાવવી પડશે જે એનો ઉપયોગ ધર્માંધતા સારુ કરે છે.

## સ્થાનીયકરણ

સ્થાનીયકરણ એ વૈશ્વિકીકરણના સંપૂર્ણ વિરોધનું વલણ છે. જે જંગલ, દરિયાકિનારા, શહેરી સુવિધાઓ વગેરે જેવાં સંસાધનોની સૌથી નજીક રહે છે, તેઓનો જ આ સંસાધનો પર સૌથી વધુ અધિકાર હોવો જોઈએ. તેઓ સંસાધનોના વ્યવસ્થાપન માટે ઉત્તમ જ્ઞાન ધરાવે છે. અલબત્ત, તે હંમેશાં સાચું નથી. ભારતમાં ઘણા સમુદાયો આ બાબત ચૂકી ગયા છે. બે સદી સુધી સરકારહસ્તક નીતિઓના કારણે આ સંસાધનોના વ્યવસ્થાપનની ક્ષમતા ગુમાવી બેઠા છે, કેમ કે પરંપરાગત નિયમો, અન્ય કાર્યક્ષમતાઓ, સંસ્થાકીય માળખાને અસરકારક રીતે ગંભીર નુકસાન પહોંચ્યું છે. તેમ છતાં જો સમુદાયોને સરકાર તથા સામાજિક સંગઠનો દ્વારા સંવેદનશીલ રીતે મદદ મળે, તો ઉત્પાદન, વપરાશ, વ્યાપાર, સ્વાસ્થ્ય અને શિક્ષણ અને અન્ય સેવાઓમાં સ્થાનીયકરણ તરફ જઇ શકાય.

ભારતમાં વિકેન્દ્રિત પાણીસંગ્રહ, જૈવિક વૈવિધ્યનું સંરક્ષણ, શિક્ષણ, નીતિ-નિયમો, અનાજ અને ભૌતિક ઉત્પાદન, ઊર્જાઉત્પાદન, કચરાનું વ્યવસ્થાપનાં ક્ષેત્રોમાં આત્મનિર્ભરતાના અનેક નવા પ્રયોગો થઇ રહ્યા છે. આ પ્રયત્નો ગામડાઓ અને શહેરો બન્નેમાં જોવા મળે છે.

ભારતીય બંધારણના ૭૩મા અને ૭૪મા સુધારાઓનું (ગ્રામીણ અને શહેરી સમુદાયોની તરફેણમાં શક્તિઓનું વિકેન્દ્રીકરણ) તાર્કિક કારણ જોઈએ તો હકીકતમાં તેનો ઉદ્દેશ સ્થાનીયકરણ જ છે. તેના કેટલાક જીવંત ઉદાહરણ:

- ડેકન ડેવલપમેન્ટ સોસાયટીના દલિત સ્ત્રીખેડૂતો, કર્ણાટકમાં ગ્રીન ફાઉન્ડેશન સાથે કામ કરતા સમુદાયો, 'બીજ બચાઓ' આંદોલન સાથે જોડાયેલા ખેડૂતો, નવદન્યાના જૈવ પંચાયત નેટવર્કે પાકોના વૈવિધ્યના ઉપયોગથી સંપોષિત ખેતીનાં ઉદાહરણ પૂરાં પડ્યાં છે.
- ઓડિશા, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, નાગાલેંડ અને અન્ય રાજયોમાં જંગલો, જળપ્લાવિત વિસ્તારો, ઘાસના મેદાનો, દરિયાકિનારાના વિસ્તારો તેમ જ વન્યજીવો અને પ્રજાતિઓના સંરક્ષણ અને પુનઃસર્જન માટે અનેક સમુદાયો પ્રયત્નો કરી રહ્યા છે.

  *ઉત્તર-પૂર્વ ભારતીય રાજય નાગાલેન્ડની સરકાર દ્વારા સ્થાનિક નિયંત્રણ દ્વારા શિક્ષણ, સ્વાસ્થ્ય અને અન્ય સંબંધિત બાબતોનાં સામુદાયીકરણના સફળતાપૂર્વક પ્રયત્ન થયા છે.
- અનેક ગામોએ વેરાન અને દૃષ્કાળની સંભાવનાગ્રસ્ત વિસ્તારોમાં પાણીના સ્વાવલંબનના સફળ પ્રયોગ કર્યા છે. આ માટે તેમણે વિકેન્દ્રિત જળવ્યવસ્થાપન અને વપરાશના સ્વરચિત નિયમો ઘડેલા અને તેના કડક પાલન દ્વારા પર્યાપ્ત પાણી મેળવી શકાયું છે. તરુણ ભારત સંઘ દ્વારા રાજસ્થાનના



અલવર જિલ્લામાં થયેલ આવો એક પ્રયાસ નોંધપાત્ર છે.

*તમામ જરૂરિયાતો માટે દેશ ઉપર આધારિત શહેરોના પરાવલંબી પરંપરાગત મોડેલથી દૂર જઈ ઉત્તમ સ્વાવલંબીનનું ઉદાહરણ ભૂજ (કચ્છ, ગુજરાત)માં જોઈ શકાય છે. હુન્નરશાળા, સહજીવન, કચ્છ મહિલા 'વિકાસ' સંગઠન અને ACT વગેરે જેવી સંસ્થાઓએ ઝૂંપડપટ્ટીવાસીઓ, મહિલામંડળો અને અન્ય નાગરિકોને એકત્રિત કરી તેઓને એક જ માર્ગે આગળ ધપાવ્યા. જળસ્રોતને પુનઃ શરુ કરવા, પાણીના વિકેન્દ્રિત સંગ્રહસ્થાનો બનાવવા અને વ્યવસ્થાપન કરવાનો પ્રયત્ન કરેલા છે. આ સંગઠનોએ ઘનકચરાની નિકાલવ્યવસ્થા, ગરીબ સ્ત્રીઓ માટે રોજગારીસર્જન, ગંદા પાણીની નિકાલવ્યવસ્થા અને તમામને માટે સન્માનજનક આવાસપૂર્તિ કર્યાં છે. ભૂજ ઉપરાંત બેન્ગ્લુરૂ, પૂના અને અન્ય શહેરોમાં વધુને વધુ નાગરિકો ૭૪મા સુધારાના આધારે સ્થાનિક આયોજનના વિકેન્દ્રીકરણની માંગ કરી રહ્યા છે.

- સ્થાનીયકરણની સફળતા માટે ભારતની જ્ઞાતિવ્યવસ્થા, જાતિસંબંધો અને આંતરધર્મ-ગતિશીલતામાં જકડાઈ ગયેલા સામાજિક અને આર્થિક શોષણને ઉકેલવા જરૂરી છે. અસમાનાતાની સમસ્યા ઉકેલી શકાય, જે દલિત સ્ત્રીઓના કિસ્સામાં જોઈ શકાય છે. આંધ્રમાં ડેકન ડેવલપમેન્ટ સોસાયટીની પ્રવૃત્તિઓ દ્વારા દલિત સ્ત્રીઓ સ્વમાન અને ગૌરવ મેળવી શકી છે. તામિલનાડુના કુથમ્બક્કમ ગામમાં દલિતો અને અન્ય જાતિઓ વચ્ચે અંતર ઘટ્યું અને સમાનતા વધી છે. 'નર્મદા બચાવો' આંદોલનના 'જીવનશાળા' દ્વારા આદિવાસી બાળકો અધિકાર મેળવી શક્યા છે. વૈશ્વિકીકરણના કારણે જ્ઞાતિ, ધર્મ અને જાતિના શોષણમાં કોઈ પણ દ્રષ્ટિએ કોઈ ઘટાડો થયો હોય તેનું કોઈ પ્રમાણ નથી. સાથે સાથે તે બાબતનું પણ કોઈ પ્રમાણ નથી કે તે અસમાનતા કોઈ સ્વરૂપે ઉભી ન થઇ હોત.

### તળિયાના સ્તરે કાર્ય કરવું (working at the landscape level)

સ્થાનિક અને નાના સ્તરે કામ કરવું પર્યાપ્ત છે. જે સમસ્યાઓનો આપણે અત્યારે સામનો કરી રહ્યા છીએ એમાંની ઘણી મોટી સમસ્યાઓ છે. આ સમસ્યાઓ સમગ્ર વિસ્તાર, દેશો, પ્રદેશો અને વાસ્તવમાં પૃથ્વીને પ્રભાવિત કરે છે. તાપમાનમાં પરિવર્તન, ઝેરનું ફેલાવું અને રણનું આગળ વધવું - તેના કેટલાંક ઉદાહરણો છે. કેટલાક દેશો અને પ્રદેશોમાં વિસ્તાર અને સરહદને અતિક્રમીને (જેને જૈવપ્રદેશવાદ અથવા પારિસ્થિતિકીપ્રદેશવાદ પણ કહી શકાય) થતું આયોજન અને સંચાલનના નવા અભિગમોનો પ્રારંભ થઇ રહ્યો છે. ભારત હજુ સુધી આ અનુભવમાંથી બહાર છે. પરંતુ કેટલાક તેમાંથી યોગ્ય પાઠ શીખ્યા છે. રાજસ્થાનમાં અરવરી સંસદે રાજ્યના ૭૨ ગામના લોકો સાથે મળીને ગ્રામસહકાર દ્વારા નદીના ૪૦૦ ચો.કી.મી તટનું આંતરિક વ્યવસ્થાપનણી જવાબદારી ઉપાડી છે. તેઓ જમીન, ખેતી, વન્યજીવન, પાણી અને વિકાસ માટે કાર્યક્રમો અને યોજનાઓ બનાવે છે. મહારાષ્ટ્રમાં પાણી વપરાશકર્તા સંઘને વાઘડ સિંચાઇપ્રકલ્પનું સંપૂર્ણ વ્યવસ્થાપનની કામગીરી સોંપાઈ છે. સૌ પ્રથમ વખત એક સરકારી પ્રકલ્પની કામગીરી સંપૂર્ણપણે સ્થાનિક લોકોએ ઉપાડી છે.

તળિયાના સ્તરેથી વિકેન્દ્રિત વ્યવસ્થાપન અને સંચાલનથી આગળ વધીને કહી શકાય કે દરેક જૈવપ્રદેશ, રાજય અને દેશ માટે પણ જમીનવપરાશની એક ન્યાયી યોજના થઇ શકે. આ યોજના દેશની પારિસ્થિતિકી અને સામાજિક સંદર્ભે વધુ નાજૂક જમીનોને હંમેશને માટે કોઈ ને કોઈ સ્વરૂપના સંરક્ષણની હારમાં મૂકી દેશે (આ સંપૂર્ણપણે સહભાગી યોજના હશે અને તેમાં સ્થાનિકોના હક્કો અંગે કાળજી લેવાશે). વાસ્તવમાં આ યોજના પાણીના સંગ્રહ, ખુલ્લા વિસ્તારોમાં ખેતી, વિકેન્દ્રિત ઊર્જાસર્જન વગેરે દ્વારા નગર અને શહેરોને સ્થાનિક સંસાધનોમાંથી શક્ય હોય તેનાથી વધુ સંસાધન પૂરાં પાડવા માટે પ્રોત્સાહન પૂરું પાડશે, પરિણામે ગ્રામીણ વિસ્તારો સાથે પરાવલંબી સંબંધોના સ્થાને અરસપરસના લાભદાયી સંબંધો વિકસશે, સંસાધનોનું શું થાય છે તે અંગે ગ્રામીણ સમુદાયોનો મત મહત્વપૂર્ણ હશે. પોતાની જીવનશૈલી અંગે શહેરી લોકોમાં જેટલી વધુ જાગૃતિ હશે, પરસ્પર સહ્ભાગીદારીનો સંબંધ પણ તેટલો મજબૂત થશે.

ગામડાઓમાં આ યોજનાથી સ્થાનિક વિકાસના યોગ્ય પ્રારંભ દ્વારા આવશ્યક શક્તિનો સંચાર થશે. હાલમાં જોવા મળતું ગ્રામીણ શહેરી સ્થળાંતર કદાચ ઘટી પણ જાય અથવા નકારાત્મક પણ થાય. મહારાષ્ટ્ર રાજયના રાલેગાન સિદ્ધિ અને હિવરે બજાર અને મધ્યપ્રદેશના દેવાસ જિલ્લામાં આવું થઇ ચૂક્યું છે. દેવાસમાં 'સમાજ પ્રગતિ સહયોગ'; તેમ જ રાજસ્થાનના અલવર જિલ્લામાં 'તરુણ ભારત સંઘ' આ કામ કરી રહ્યા છે.

## સંચાલન: સ્થાનિકથી રાષ્ટ્રીય (તળિયાથી ટોચ)

ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહીનો વ્યાવહારિક અમલ તળિયાના એકમોના સ્થાનસંબંધથી શરૂ થાય છે. ભારતનાં બંધારણ અનુસાર ગ્રામ અને ગ્રામની નજીકના વિસ્તારોના સ્તરનું સંચાલન પંચાયતો દ્વારા અને શહેરી વિસ્તારોના સ્તરે વિસ્તાર-સમિતિ દ્વારા થાય છે. અલબત્ત, આ પ્રતિનિધિરૂપ એકમો પણ એ જ સમસ્યાથી પીડિત છે, જે ઉચ્ચ સ્તરની લોકશાહીમાં જોવા મળે છે. આનાથી બચવા ગ્રામીણ વિસ્તારોમાં ગ્રામસભા (ગ્રામીણ સંમેલન) અને શહેરી વિસ્તારોમાં વિસ્તારસભાને (વિસ્તાર દીઠ નાનું એકમ) વધુ મજબૂત બનાવવાની જરૂર છે. સમુદાયોમાં અથવા ગામ કે શહેરી વસાહતમાં તમામ પુખ્તોનું સ્વતંત્ર વૈયક્તિક જૂથ નિર્ણયીકરણની પ્રક્રિયામાં ભાગીદાર થઇ શકે. સ્થાનિક કુદરતી સંસાધનો સંબંધિત અથવા પર્યાવરણીય પ્રશ્નો સાથે સંકળાયેલા મહત્વના તમામ નિર્ણયો આ સ્તર પર લેવાવા જોઈએ. તેમાં સ્ત્રીઓ અને વિશેષ અધિકારો ન ભોગવતા અન્ય વર્ગોની પણ સમાન ભાગીદારી નિર્ધારિત હોય તે બાબતની વિશિષ્ટ જોગવાઈ કરવી જોઈએ. તેના કેટલાંક ઉદાહરણો :

- મેંઢાલેખા ગામના(મહારાષ્ટ્ર) ગોંડ આદિવાસીઓએ સિદ્ધાંત સ્વીકાર્યો છે કે 'અમારી સરકાર મુંબઈ અને દિલ્હીમાં, પરંતુ અમારા ગામમાં અમે સરકાર'. આ ગામમાં તમામ પ્રકારના નિર્ણયો ગામસમુદાયના એકમત દ્વારા લેવાય છે, જે 'અભ્યાસવર્તુળો' દ્વારા મેળવેલી માહિતી પર આધારિત હોય છે. છેલ્લા ત્રણ દાયકાથી આ ગામ અનાજ, પાણી, ઊર્જા જેવી પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ, રોજગારીની તકોનું સર્જન કરવાના સફળ પ્રયત્નમાં લાગેલ છે ઉપરાંત આ ગામના લોકોએ ૧,૮૦૦ હેકટર

જંગલનું સંરક્ષણ પણ કરી બતાવ્યું છે, જેના પર હવે તેમને કાયદાકીય રીતે સંપૂર્ણ અધિકાર મળી ચૂક્યો છે.

- ઉપરોક્ત ગ્રામીણ ઉદાહરણને બાદ કરતાં, કેટલાક શહેરો પણ અંદાજપત્રમાં ભાગીદાર બન્યા છે. કુશળ નાગરિકો ખર્ચ માટે તેઓની પ્રાથમિકતા રજૂ કરે છે, જે સત્તાવાર અંદાજપત્રને અસર કરે છે.

બૃહદ સ્તરના સંચાલનનું માળખું આ પાયાના સ્તરના એકમોમાંથી ઉદભવે તે અનિવાર્ય આવશ્યકતા છે. આમાં સમાન પારિસ્થિતિકી લક્ષણો ધરાવતા ગામડાઓના સંઘ અથવા સમુદાયો અને મોટા સ્તરની સંસ્થાઓ બનાવી શકાય છે, જે જિલ્લા અને રાજ્યના વહીવટી અને રાજકીય એકમો સાથે જોડાયેલા હોય. આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય સંચાલન સાચે જ વર્તમાન સમયનો પડકાર છે. પરંતુ આ નિષ્ફળતાઓ અથવા આંશિક રીતે સફળ પ્રયોગોમાંથી ઘણા બોધપાઠ લઈ શકાય છે.

## અર્થપૂર્ણ શિક્ષણ અને સ્વાસ્થ્ય

ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહી માટે સૌથી પ્રસ્તુત જ્ઞાન એટલે જે જ્ઞાન પશ્ચિમી શિક્ષણે ‘ભૌતિક’, ‘કુદરતી’ અને ‘સામાજિક’ વિજ્ઞાનો વચ્ચે અને આ વિજ્ઞાન અને ‘કલાઓ’ વચ્ચે સર્જેલી કૃત્રિમ હદોને અવગણી શકે. પારિસ્થિતિકી અને માનવ વ્યવસ્થાઓ માળખાબદ્ધ રીતે રચાયેલી નથી. માનવ અને કુદરતી કે જંગલી અને પાલતુ એમ સરળતાથી સીમાંકન થઇ શકે નહિ.



જ્ઞાનને સમગ્ર માર્ગેથી શીખીને તેને શીખવવા અને તેના સંચારમાં વધુ યોગદાન આપવું જરૂરી છે, તજજ્ઞોની સાથે સાથે વિવિધ વિષયોના સામાન્ય જ્ઞાનને પણ સમ્માનથી સ્વીકારીએ; તો આપણે કુદરતને અને તેમાં આપણું સ્થાન વધારે સારી રીતે સમજી શકીએ. કેટલાકે આવા વૈકલ્પિક શિક્ષણ અને જ્ઞાનનો પ્રારંભિક પ્રયત્ન હાથ ધર્યો છે. જેમ કે આંધ્રપ્રદેશમાં ડેકન ડેવલપમેન્ટ સોસાયટીની ‘પાઠશાળા’, મોટા કદના બંધની હારમાળામાંથી નર્મદાની ખીણ અને તેના રહેવાસીઓને બચાવવા સંઘર્ષ કરી રહ્યા રહેલા ‘નર્મદા બચાઓ’ આંદોલનની ‘જીવનશાળા’, તેજગઢ-ગુજરાતમાં આદિવાસી એકેડમી, મુક્ત શિક્ષણ આપતા દહેરાદૂન- ઉત્તરાખંડના બીજ વિદ્યાપીઠ અને ઉદયપુરનું સ્વરાજ વિશ્વવિદ્યાલય આ પ્રકારનાં ઉદાહરણ છે.

આ જ રીતે કેટલાંક જૂથો જાહેર સ્વાસ્થ્ય પર કામ કરી રહ્યા છે. સમુદાયોને અધિકાર આપીને સ્વાસ્થ્યના પ્રશ્નોથી લડવા સશક્ત કરે છે. તે માટે તેઓ પરંપરાગત અને આધુનિક પદ્ધતિઓને સંયોજીને તેમ જ સલામત અનાજ અને પાણી, પોષણ અને રોગશામક કાળજી અને રોગ અટકાવવાના ઉપાયો હાથ ધરાય છે.

## રોજગારી અને આજીવિકા

સ્થાનીયકરણ અને વિસ્તાર અભિગમનું સંયોજન પણ આજીવિકાની વિપુલ તકો પૂરી પાડે શકે. ભારતની વર્તમાન સમયની એક

મોટી સમસ્યા બેરોજગારીને ઉકેલવામાં આ પદ્ધતિ કારગત નીવડી શકે. જમીન અને પાણીનાં સંવર્ધનનાં પરિણામે ઉત્પાદકતામાં થતો વધારો રોજગારીનો મોટો સ્રોત પૂરો પાડી શકે તેમ જ સંપોષિત આજીવિકા માટે કાયમી અસ્કામતનું સર્જન કરી શકે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી યોજના (MNAREGA) તત્કાલીન સરકારની એક મુખ્ય યોજના હતી. એ જ રીતે અન્ય યોજનાઓ જેમકે જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય શહેર જીર્ણોદ્ધાર મિશન (JNNRUM)ને પર્યાવરણ-રોજગારીનના સંયુક્ત કાર્યક્રમ તરીકે જોઈ શકાય. નવા 'હરિત રોજગારી' કાર્યક્રમમાં શ્રમકેન્દ્રિત ગ્રામીણ ઉદ્યોગો અને આંતર-માળખું તેમજ હસ્તકલા, કારીગરી, સ્થાનિક ઊર્જા પ્રકલ્પ, ગ્રામીણ રસ્તાઓ અને અન્ય વિકલ્પો પર પુનઃ ભાર આપવો પડે. ઉપરાંત એવા અન્ય કાર્યક્રમો વિકસાવવા કે જેનું સંચાલન સ્થાનિક પ્રજા પરંપરાગત જ્ઞાન દ્વારા અથવા સરળતાથી નવી આવડતો વિકસાવીને સ્વતંત્ર રીતે કરી શકે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ પર્યાવરણ યોજના (United Nations Environment Programme) અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (International Labour Organisation)ના અંદાજ અનુસાર 'હરિત રોજગારી'માં રોજગારીની નોંધપાત્ર તકો રહેલી છે, જે પારિસ્થિતિકી અછતની હાલની સમસ્યાનો સામનો કરવામાં મદદરૂપ બનશે. આવા કાર્યને 'સાફ-સુથરા કાર્ય' તરીકે ઓળખાવાય છે. દા.ત રસાયણ આધારિત ખેતી કરતાં નાના પાયે થતી પારંપરિક સજીવ ખેતીમાં વધુ લોકોને રોજગારી આપી શકાય.

હાલમાં પુનઃપ્રાપ્ય ઊર્જાઉત્પાદન અને ઊર્જા કાર્યક્ષમતાના ખૂબ નાના પાયે થતા કાર્યક્રમોમાં લાખો લોકોને રોજગારી આપી શકાય. ખેતી અને ઊર્જા બન્ને (ઉત્પાદન અને કાર્યક્ષમતા) તેમ જ વાહનવ્યવહાર, બાંધકામ, વિકેન્દ્રિત ઉત્પાદન, વનીકરણ અને અન્ય ક્ષેત્રોમાં પણ આપણી પાસે અભૂતપૂર્વ સામર્થ્ય છે. અલબત્ત, હજુ સુધી આ સામર્થ્યનો તુલનાત્મક અભ્યાસ થયો નથી.

## આર્થિક લોકશાહી

ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહી માત્ર રાજકીય નિયંત્રણમાં મૂળભૂત પરિવર્તનની જરૂરિયાત નથી, પરંતુ ઉત્પાદન અને ઉપભોગના આર્થિક સંબંધોમાં પણ તે આવશ્યક છે. વૈશ્વિકીકરણ વપરાશના લોકશાહીકરણને મહત્વ આપે છે (જ્યાં ઉપભોક્તા રાજા છે, અલબત્ત મહદઅંશે. તે માત્ર પસંદગીનું મૃગજળ હોય છે); પરંતુ ઉત્પાદનના લોકશાહીકરણને નહી. મૂળભૂત પરિવર્તનની આ અવળી ગંગા હોઈ શકે. વિકેન્દ્રિત ઉત્પાદન તેને કહેવાય જ્યાં સ્થાનિક ઉપભોક્તાઓ દ્વારા ઉત્પાદન નક્કી થાય. એટલે કે જ્યાં ઉત્પાદન ઉપભોક્તાના નિયંત્રણમાં હોય.

ગ્રામાધારિત અથવા નાના પાયાના અને વિકેન્દ્રિત ગૃહઉદ્યોગો અંગેનો ગાંધીનો પ્રસ્તાવ દાયકાઓથી આપણી સામે છે. એ જ રીતે જરૂરિયાતોને આધારિત ઉદ્યોગ હોઈ શકે, જેમાં પ્રારંભમાં સ્થાનિક જરૂરિયાત હોય



અને ત્યાર બાદ રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય જરૂરિયાતો. એ સ્થાનિક અર્થતંત્રનો ભાગ હોવાથી ઉત્પાદક-ઉપભોક્તા સંબંધ મુખ્યત્વે સ્થાનિક હોય. આવાં ઉત્પાદન અને હાલના મૂડીપતિઓના ઉત્પાદન વચ્ચે મહત્વનો તફાવત એ છે મૂડીપતિઓનું ઉત્પાદન પોતાની જાત માટે હોય છે જયારે બીજું ઉત્પાદન પ્રાથમિક રીતે એક સેવા છે જે નફા માટે નથી.

ગામડાના જૂથો અથવા ગામડાઓ અને અર્ધશહેરો આવી વિશેષ લોકશાહીના જૂથો બની શકે. ઉદાહરણ તરીકે:

- તામિલનાડુમાં કુથમ્બક્કમ ગામના સરપંચ રામાસ્વામી ઈલંગોએ સાત-આઠ ગામના સમુદાયોને એકત્ર કરી તેમને ‘મુક્ત વ્યાપાર ક્ષેત્રો’ તરીકે તૈયાર કરેલા છે, જેમાં તેઓ એકબીજા સાથે (પારસ્પરિક લાભદાયી શરતો પર) વસ્તુઓ અને સેવાઓનો વ્યાપાર કરશે. આ રીતે તેઓ બહારના બજાર અને સરકાર પરના આધારને ઓછો કરી, તે જ વિસ્તારમાં જરૂરી પુન:રોકાણ માટે ગામોની મૂડી રોકશે અને ગામડાઓ વચ્ચેના સંબંધો વધુ મજબૂત કરશે.
- ગુજરાતમાં ‘ભાષા’ નામની સ્વૈચ્છિક સંસ્થા બારેક આદિવાસી ગામોને જોડીને હરિત આર્થિક ક્ષેત્રો તૈયાર કરી રહી છે, જે ‘સંપોષિતતા, પારિસ્થિતિકી સંવેદનશીલતા અને લોકોના સંસ્કૃતિક મૂળની દ્રઢ સમજણ પર આધારિત છે’
- મધ્યપ્રદેશમાં નોગંગ કૃષિ ઉત્પાદક પેઢી (NAPCL) અને તામિલનાડુમાં અહરમ પરંપરાગત પાક ઉત્પાદક પેઢી (ATCPC) ખેડૂતો દ્વારા ચાલતી પેઢીઓનાં ઉદાહરણ છે, જે ઉત્પાદકોને સીધા બજાર સુધી પહોચાડે છે.

આ વ્યવસ્થામાં કદાચ નાણું વિનિમયનું મહત્વનું માધ્યમ રહેશે. પરંતુ તે આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ દ્વારા અનામી રીતે નિયંત્રિત થવા અને વૈશ્વિક સ્તરે સંકળાયેલાં નાણાકીય બજારોના અમૂર્ત બળોના સ્થાને સ્થાનિક રીતે વધુ નિયંત્રિત અને વ્યવસ્થાપિત હશે. સ્થાનિક વ્યાપાર નોંધપાત્ર પ્રમાણમાં સ્થાનિક ચલણ અથવા વસ્તુવિનિમય ભણી પુન: વળશે. નાણાંના સ્વરૂપે વ્યક્ત થતી વસ્તુઓ અને સેવાઓની કિંમતો કોઈ ઔપચારિક અને દૂર રહેલા અનિયંત્રિત બજાર કે વૈયક્તિક સ્થાને આપનાર અને વેચનાર વડે નક્કી થશે. હાલમાં વિશ્વભરમાં સ્થાનિક ચલણ અને વ્યાપાર અને સેવાના બિનનાણાકીય સ્વરૂપને વિવિધ પ્રકારે ઉપયોગમાં લેવાઈ રહ્યાં છે.

આજની બેંકો અને નાણાકીય સંસ્થાઓ જેનું પ્રતિનિધિત્વ કરે છે તેવા અભૂતપૂર્વ કેન્દ્રીકરણમાંથી નાણાકીય વ્યવસ્થાપનને ક્રાંતિકારી રીતે વિકેન્દ્રિત થવાની આવશ્યકતા છે. આ વૈશ્વિક સંસ્થાઓ અને તેઓની સટ્ટાત્મક પ્રવૃત્તિઓને મળેલી ખુલ્લી છૂટ હાલની આધુનિક નાણાકીય અછતનું મુખ્ય કારણ છે. પરંતુ સાથે સાથે સમગ્ર વિશ્વમાં છેલ્લા બે દાયકાથી સ્થાનિક સમુદાયો આધારિત બેંકિંગ અને નાણાકીય વ્યવસ્થાપનની પણ શરૂઆત થઇ છે.

## રાજ્યની ભૂમિકા

જો કે વૈકલ્પિક ભવિષ્યના મુખ્ય કેન્દ્રો તો સમુદાયો (ગ્રામીણ અને શહેરી) જ બની શકે. પરંતુ રાજયની જવાબદારી તેમને જાળવવાની અને દ્રઢ કરવાની છે. નબળા માટે કલ્યાણ રાજય- એ રાજ્યની જવાબદારી છે. નબળી સ્થાનિક ક્ષમતા ધરાવતા સમુદાયોને લઘુત્તમ સમય માટે રાજય મદદ કરી શકે. જેમ કે સ્રોતનું સર્જન કરવું, અધિકારો પૂરા પાડવા અને તેમના સંરક્ષણનું નિર્ધારણ કરવું,

પર્યાવરણ અંગે બેજવાબદારીપૂર્વક વર્તતા વ્યાપારી ઘટકો અથવા અન્ય લોકો પર અંકુશ મુકવા, ભારતના બંધારણ હેઠળના જુદા જુદા મૂળભૂત અધિકારો દરેક નાગરિક ભોગવે તે જોવું. આ કાર્ય માટે ૨૦૦૫ના માહિતી અધિકાર કાયદા જેવા યોગ્ય નીતિનિયમો બનાવવા. અંતમાં, વિવિધ સમાજ અને દેશો વચ્ચે વિસ્તૃત વૈશ્વિક સંબંધોમાં રાજયની ભૂમિકા જાળવવી.

## આંતરરાષ્ટ્રીય સંબંધો

આર્થિક વૈશ્વિકીકરણથી ઉલટો ક્રમ વૈશ્વિક સંબંધોનો અંત નથી. વાસ્તવમાં લોકો, વિચારો, સેવાઓ અને વસ્તુનો પ્રવાહ સમગ્ર વિશ્વમાં હંમેશા ચાલતો રહે છે. આ પ્રવાહ માનવસમાજોને મોટા ભાગે સમૃદ્ધ કરતો રહ્યો છે. જ્યાં બધું જ નાણા અને મૂડી દ્વારા અધિકૃત બન્યું છે, તેવી પરિસ્થિતિમાં ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહી સ્થાનિક અર્થતંત્રો અને નૈતિક જીવનશૈલી, પરસ્પરમાંથી શિક્ષણ, નવસર્જન અને વિચારોને વૈશ્વિક સ્તરે શક્ય તેટલા વધુ વાસ્તવમાં અર્થપૂર્ણ પ્રવાહો બનાવશે.

પારિસ્થિતિકી, સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે સમાન આધાર ધરાવતા પડોશી દેશો સાથે ભારતે વધુ સારા સંબંધો બાંધવાની જરૂર છે. તેનું એક ઉદાહરણ જમીન અને સમુદ્રી સરહદો પરનું વ્યવસ્થાપન હોઈ શકે. વર્તમાન સમયમાં જે દેશો સાથે અતિશય સંઘર્ષ (દા.ત ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સીઆચીન હિમશિલા) છે, ત્યાં સંસાધનોના સંરક્ષણ માટે 'શાંતિ ક્ષેત્રો' શરૂ કરીને વૈશ્વિક સ્તરે વધુ શાંતિ, અધિકારો અને પર્યાવરણ ઉપરના જૂદા જૂદા સંધિપત્રોને દ્રઢ કરવા એ મુખ્ય કાર્યો હોવા જોઈએ.



## આ પરિવર્તન શક્ય છે?

ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહીથી સંચાલનમાં મોટા પરિવર્તન આવશે અને આજના રાજકીય અને શક્તિશાળી ઔદ્યોગિક એકમો દ્વારા તેનો પ્રતિકાર પણ થશે. તેમ છતાં ભારતમાં છેલ્લા કેટલાક દાયકાઓમાં આ પરિવર્તન શક્ય હોવાના ઘણા ચિહ્નો જોવાં મળ્યાં છે. જેમ કે:

૧ નાગરિક સમાજ તરફથી ધ્યાનાકર્ષક વૃદ્ધિમોડેલના વિરોધમાં વધારો થઇ રહ્યો છે. વિનાશક 'વિકાસ' પ્રકલ્પો ખાસ કરીને વિસ્થાપન દ્વારા સૌથી વધુ અસરગ્રસ્ત થયેલા સમુદાયો અથવા જેઓના પર્યાવરણને નુકસાન પહોંચ્યું છે, તેના વિરોધની હિલચાલમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે અને તેને નાગરિક સમાજ દ્વારા મદદ પણ અપાઇ રહી છે.

૨ નાગરિક સમાજ પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિમાં મદદ કરી રહ્યો છે: રાજય દ્વારા કેટલીક સગવડ પૂરી પાડવામાં નિષ્ફળતાના કારણે નાગરિક સમાજના સંગઠનોએ (સમુદાયો આધારિત અથવા બિન-સરકારી સંગઠનો) પ્રવૃત્ત થઇને પ્રાથમિક સુવિધાઓ અને સુખસગવડ પૂરી પાડવામાં પરોક્ષ રીતે ભાગ ભજવ્યો અને સ્થાનિક સશક્તિકરણમાં મદદરૂપ બની શક્યા છે. પરંતુ રાજય ઉપર દર્શાવેલ જવાબદારીમાંથી મુક્ત ન થઇ જાય તે અંગે કાળજીની જરૂરિયાત છે.

3 નીતિપરિવર્તન અને સુધારા: નાગરિક સમાજની હિમાયત અને રાજ્યતંત્રમાંથી પ્રગતિશીલ વ્યક્તિઓ દ્વારા થયેલી ગતિવિધિઓના પરિણામે નીતિઓમાં કેટલાંક પરિવર્તન અને સુધારા આવ્યા છે, જે વૈશ્વિકીકરણના સામાન્ય પ્રવાહોની વિરુદ્ધ છે. તાજેતરના સમયમાં કાયદાઘડતરના ત્રણ ઉદાહરણ છે: ૨૦૦૫નો માહિતી અધિકારનો કાયદો, ૨૦૦૬ની રાષ્ટ્રીય ગ્રામીણ બાહેંધરી યોજના અને ૨૦૦૬નો આદિવાસી સમુદાયો અને જંગલના અન્ય પરંપરાગત નિવાસીઓનો વન અધિકાર કાયદો. આ પ્રત્યેકના ઉદ્ભવ માટે લોકોની શરૂઆત કારણભૂત છે. દા.ત માહિતી અધિકારનો કાયદો રાજસ્થાન, દિલ્હી અને અન્ય સ્થળોએ મજદૂર કિસાન શક્તિ સંગઠન (MKSS) જેવા સંગઠનોના નેતૃત્વમાં રોજગારી અને અનુદાનો અંગેના સત્તાવાર દસ્તાવેજો મેળવવા માટે ચલાવેલ સ્થાનિક સંઘર્ષમાંથી આવ્યો..

૪ ટેકનોલોજીકલ પરિવર્તન: ઔદ્યોગિક અને કૃષિ સંબંધિત ઉત્પાદન, ઊર્જા, મકાન અને બાંધકામ. વાહનવ્યવહાર, ઘરવપરાશના સાધનો વગેરેમાં ટેકનોલોજીકલ સુધારાઓ માનવજીવનને સરળ બનાવવા ઉપરાંત પારિસ્થિતિકી રીતે વધુ સંવેદનશીલ બનાવે છે. ઘણી પરંપરાગત ટેકનોલોજીને ચાલુ રાખવાની તરફેણમાં એકમત બની રહ્યો છે. દા.ત કૃષિ, કાપડ, ઉત્પાદન અને અન્ય ક્ષેત્રોમાં પરંપરાગત ટેકનોલોજીને મહત્વ અપાઈ રહ્યું છે. જો ઔદ્યોગીકરણ થયેલું વિશ્વ તક અને સહકાર પૂરા પાડે તો વિકાસશીલ દેશો માટે સીધી છલાંગ મારીને સૌથી વધુ કચરો સર્જતી ઔદ્યોગિક, ઊર્જા અને વાહનવ્યવહારની ટેકનોલોજીમાંથી શ્રેષ્ઠ કાર્યક્ષમ બનવાની એક અભૂતપૂર્વ તક છે.

૫ નાણકીય માપો: વધુ સંપોષિતતાના માર્ગે જવા સમગ્રલક્ષી આર્થિક અને નાણાકીય નીતિમાં સુધારા સૂચવાયા છે. ભારતના નાગરિક સમાજે માંગ કરી છે કે પારિસ્થિતિકી રીતે નુકસાનકારક વ્યવસાયોમાં મળતી રાહતને પરિવર્તિત કરી, વાસ્તવિક રીતે સંપોષિતતા તરફ લઈ જવી. જેમ કે રાસાયણિક ખેતીમાંથી

રાહતોને નાબૂદ કરી સજીવ ખેતી માટે રાહતો આપવી., શહેરી અને ઔદ્યોગિક ધોરણે ઉપભોક્તા દ્વારા વપરાતા કુદરતી સંસાધનોના કેટલાક વાસ્તવિક મૂલ્યોને દર્શાવતા કર લાગુ કરવા, પારિસ્થિતિકી રીતે નુકસાનકારક વ્યવસાયોમાં ઉપભોક્તાવાદને નકારાત્મક પ્રોત્સાહન આપવા અને આવકની અસમાનતા ઘટાડો કરીને સંપોષિતતામાં ફાળો આપી શકાય. પરિવર્તનનો આ એક શક્તિશાળી પ્રયાસ છે.

૬ જાગૃતિ, શિક્ષણ, ક્ષમતા: છેલ્લા બે-ત્રણ દાયકામાં પારિસ્થિતિકી અને સામાજિક જાગૃતિ અને તે અંગેની સમસ્યાને સંબંધિત બાબતોનો ઉકેલ લાવવાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. તેમ છતાં નિર્ણયકર્તાઓ અને ટોચના વ્યવસાયિકોમાં આ અંગેની જાગૃતિની ગેરહાજરી છે. ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહી તરફ જવા માટે ઝુંબેશની આવશ્યકતા છે, જેથી માનવસમાજ જેનો સામનો કરી રહ્યો છે તે બહુવિધ અછત અને તેના કારણો અંગે જાગૃતિ ફેલાવી શકાય. તે અંગેના મૂળ કારણો શોધી અને અર્થપૂર્ણ ઉકેલોને ફેલાવવાની ક્ષમતા વિકસાવી શકાય.

ભારત ક્રાંતિકારી પારિસ્થિતિકી લોકશાહીના સર્વાંગ પરિવર્તનને પ્રાપ્ત કરવા માટે શ્રેષ્ઠ સ્થિતિમાં છે: આ માટે અનેક કારણો છે. તેનો હજારો વર્ષોનો ઇતિહાસ અને અનુકૂલન, તેનું પારિસ્થિતિકી અને સાંસ્કૃતિક વૈવિધ્ય, બહુવિધ અછતનો સામનો કરવામાં તેની સ્થિતિસ્થાપકતા. અહી હજુ પણ એવી જીવનશૈલી અને વૈશ્વિક દ્રષ્ટિકોણ ટકી રહ્યા છે, જેમાં કુદરત આધારિત સમુદાયો છે. જે આજે પણ પૃથ્વી પર પારિસ્થિતિકી વ્યવસ્થાને ખૂબ ઓછાં નુકસાન પહોચાડી રહ્યા છે. બુદ્ધ, ગાંધી અને અન્ય પ્રગતિશીલ વિચારકોનો સમૃદ્ધ વારસો, માર્ક્સ જેવા પરિવર્તનકારી અન્ય વિચારોનો સ્વીકાર, લોકશાહી અને નાગરિક સમાજની સક્રિયતાની પ્રતિબદ્ધતા અને પ્રતિશોધ તેમ જ પુનઃસર્જન માટે લોકોની હિલચાલ તેની વિશેષતા છે. પરંતુ એ પણ હકીકત છે કે આ માત્ર ભારતથી જ કરી શકાય નહી, તેના માટે અન્ય દેશો અને લોકોને તૈયાર કરવા, તેમાંથી શીખવું અને શીખવવું જરૂરી છે. આ કામ આપણે સૈકાઓથી ખૂબ સફળતાપૂર્વક કરી રહ્યા છીએ. પરંતુ વર્તમાન સમયની પડકારજન્ય પરિસ્થિતિમાં તેને અન્ય સ્વરૂપે રજૂ કરવું પડશે.

